SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

June.'2004



પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:-Shree Swaminarayan Temple, Ahmedabad-1



પેથાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની પ્રતિષ્ઠા વિધિની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી (આમંદિરનો જીર્ણોધ્ધાર પૂ.ધ્યાની સ્વામીએ કરાવેલ છે.)



મોડપર(મૂળીદેશ) મંદિરમાં ઠાકોરજીની પ્રાણપ્રતિષ્ઠા વિધિ શ્રીહરિના દ્દઢા વંશજના વરદ્ હસ્તે.





પેથાપુર મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી પૂ.ધ્યાની સ્વામીને રાજીપાનો હાર પહેરાવતા.

શ્રી નરનારાયણદેવ ગાદી સંસ્થાપિત સર્વજીવ હિતાવહ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીહરિ તબીબી સારવાર કેન્દ્રના ઉદ્ઘાટન પ્રસંગે પૂ. ધ્યાની સ્વામી સાથે ડો.દિપક વોરા, ડો.અમિત પટેલ, ડો. ગજ્જર તથા પ.ભ. જશુભાઈ સોની, પ.ભ.યશવંતભાઈ સોની વગેરે.



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ
૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૩૦૧-૦૦
વિદેશમાં રૂા. ૨૦૦૧-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ જુન - ૨૦૦૪

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૪.	ઉત્સવ અપર સ્વરૂપનો ગરિમા આચાર્ય પદની	૫
૫.	ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શ્રીનરનારાયણનું અદ્‌ભુત મિલન	૮
૬.	નારાયણ અને શિવજીની એકતા	૧૧
૭.	સદા સાકાર છે ભગવાન	૧૩
૮.	"નિંદત નહિ કોઇ"	૧૫
૯.	વાહ જોધા ભરવાડની સમજણ !!	૧૬
૧૦.	અનન્ય અતૂટ શ્રધ્ધા અને પરચો	૧૭
૧૧.	સત્સંગ	૧૮
૧૨.	જો માંગતા આવડે તો	૨૦
૧૩.	અસ્થિ વગરનો દેહ	૨૧
૧૪.	સત્સંગ બાલવાટિકા (૧) અલૌકિક વાત	૨૪
૧૫.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૫

કલા :- પ્રફુલ ખરસાણી

પ્રકાશક
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com

અસ્મદ્ઢીયમ્

તંત્રીશ્રીની કલમે....

ઉનાળાની ઋતુમાં ભગવાન સવિતાનારાયણ પૂર્ણ કળાએ પ્રકાશીને સારાયે જગતનું ઉષ્ણ તાપમાન વધારી દે છે. ગરમીથી સારાયે જગતના લોકો ખૂબ ત્રાસી જાય છે. સૌ ઠંડક મેળવવા મથે છે. કોઈ ખાદ્ય પદાર્થ અથવા શરબત આદિનું સેવન કરે છે. કોઈ એરકંડીશન કે એરકુલરનો ઉપયોગ કરે છે. આ તો વ્યવહારે સુખી લોકોની વાત થઈ !

વ્યવહારે દુર્બળ અને ગામડાના લોકો પંખા કે ઝાડના છાંયાથી અને માટલાના પાણીથી જ સંતોષ માને છે.

આ વાત થઈ ભૌતિક જગતની ! પણ આધ્યાત્મિક જગતમાં આધિ વ્યાધિ અને ઉપાધીના ત્રિવિધ તાપથી તપતા જગતના અજ્ઞાની જીવને ઉદ્દેશીને સંતો કહે છે.

"સુરપુર, નરપુર, નાગપુર એ તિનમેં સુખ નહિ
કાં સુખ હરિ કે ચરન મેં, કાં સુખ સંત ન કે માંહિ"

હે જીવ ! સાચી શાંતિ ભગવાનના દ્રઢ આશ્રયમાં જ છે. માટે હે 'જીવ ! ભગવાનનો દ્રઢ આશ્રય કરી લે અને સાચા ભાવથી સત્સંગ-ભજન કરી લે ! જેથી પરમાત્માની પ્રસન્નતા પ્રાપ્ત થાય અને મનુષ્યનો જન્મ સાર્થક થઈ જાય !

જેમ ઉનાળાની ગરમીથી બચવા જગતનો જીવ પોતાના માટે વિવિધ ઉપચાર કરે છે તેમ ભગવાનના ભક્ત ભગવાનને વિશેષ ઠંડક મળે તે માટે પોતાની ભાવના વ્યકત કરે છે. ઋતું મુજબ ભગવાનના મંદિરમાં થાળમાં કેરીનો રસ, શીખંડ અને ઉત્થાપન સમયે મેવા ઉપરાંત ઠંડા સરબત આદિથી ભગવાનની વિશેષ સેવા કરે છે. અક્ષય તૃતીયાથી જેષ્ઠી પૂર્ણિમા સુધી ભગવાનને ચંદનના વાઘા ધરાવવામાં આવે છે. શાસ્ત્રોમાં મલિયાગર ચંદનની વાત આવે છે. નંદ સંતો નોંધ છે કે ઉકળતા તેલમાં મલિયાગર ચંદનનો એક જ છાંટો નાંખવામાં આવે તો તે ઉકળતું તેલ તુરંત ઠરી જાય છે. ત્યારબાદ ગમે તેટલી વખત તાપથી તપાવવામાં આવે તો તે તેલ ક્યારેય ગરમ થતું નથી. આ છે મલિયાગર ચંદન !

આપણે મલિયાગર ચંદન તો જોયુ નથી ! પણ વિરપ્પન જેવા લોકોના હાથથી બચેલું કહેવાતું ચંદન પ્રાપ્ત થાય છે. વર્તમાન કાળે જેમ ચંદનમાં શુદ્ધતા જણાતી નથી તેમ યજમાનની શ્રદ્ધા અને પૂજારીના ભાવને પણ આપણે જાણી શકતા નથી. ચંદનના વસ્ત્રધારી રહેલા ભગવાનના મહિમાથી દર્શન કરીને દિવ્ય આનંદ પ્રાપ્ત કરીએ.

અમદાવાદમાં શ્રી નરનારાયણદેવને તથા બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજને ચંદનના વાઘા ધરાવવામાં આવે છે. જે સુંદર હોય છે. ઉપરાંત મુળીધામમાં વિરાજમાન શ્રીરાધાકૃષ્ણઆદિ દેવોના ચંદનના વાઘાના દર્શન પણ મનોહર હોય છે. એજ રીતે દરેક મહા મંદિરોમાં દેવોને ચંદનના સુંદર વાઘાના દર્શન કરાવવામાં આવે છે. ભગવાનને પ્રાર્થના કરીએ કે અમારા હૃદયમાં જલતા ત્રિવિધ તાપથી શીતળતા અને શાંતિ પ્રસરાવો એ જ પ્રાર્થના !!!

તંત્રી શ્રી (મહંત સ્વામી)
- શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
ના જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૦૪)

૧ પ.ભ. પ્રકાશભાઈ અમૃતલાલ પટેલ (ગવાડાવાળા) અને ત્યાં પ.ભ. રમેશભાઈ સોમાભાઈ પટેલ, પ.ભ. પોપટભાઈ સવજીભાઈ નાકરાણી, પ.ભ. મનુભાઈ બચુભાઈ ગજેરા અને પ.ભ. સુરેશભાઈ શંકરલાલ પટેલને (ગવાડાવાળા) ત્યાં પધરામણીઓ, હિરાવાડી-બાપુનગર.
પ.ભ. મનસુખભાઈ અરજણભાઈ નાકરાણી ને ત્યાં પધરામણી, નવરંગપુરા.
પ.ભ. ભાવસાર જસવંતલાલ ડાહ્યાલાલને ત્યાં પધરામણી, નવાવાડજ.
પ.ભ. રાજેશ જગદીશભાઈ ભાવસારને ત્યાં પધરામણી, જોધપુર.
પ.ભ. મગનભાઈ શંભુભાઈને ત્યાં પધરામણી, બાપુનગર.
પ.ભ. પટેલ સંજયભાઈ લાલજીભાઈને ત્યાં પધરામણી, મહાવીરનગર.

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર રિદ્રોલ (જી. ગાંધીનગર) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
પ.ભ. ચિમનલાલ બબલદાસ ગજ્જરને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, મેમનગર.
કોઠા ગામે પ.ભ. હરિલાલ હિરદાસ પટેલને ત્યાં પધરામણી.
પ.ભ. જયેશભાઈ ટી. સોનીને ત્યાં પધરામણી, સેટેલાઈટ.
પ.ભ. કાંતિભાઈ રવજીભાઈ ખીમાણીને ત્યાં પધરામણી, પાલડી.
પ.ભ. પટેલ પ્રમોદભાઈને ત્યાં વાસ્તુ પૂજન પ્રસંગે પધરામણી, બોપલ.

૩ રતનપર (મૂળીદેશ જી. સુરેન્દ્રનગર) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૫ પ.ભ. રવજીભાઈ પટેલના શ્રી સહજાનંદ ટ્રાવેલ્સમાં પધરામણી, બાપુનગર.

૬ પેથાપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધરામણી.

૭ પ.ભ. મહેન્દ્રભાઈ બાબુભાઈ ગાંધી (એડવોકેટ)ને ત્યાં પધરામણી, સેટેલાઈટ.
શ્રી રાજદિપ ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટને ત્યાં પધરામણી, નારણપુરા.

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા (રામબાગ) શિખરબંધ મંદિરના ખાતમૂહુર્ત પ્રસંગે પધરામણી.

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. બળદેવભાઈ એમ. પટેલને ત્યાં પધરામણી, પાલડી.

૧૦ પ.ભ. રતીભાઈ ઈશ્વરભાઈની દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.

૧૧ પ.ભ. શાંતિલાલ (બચુભાઈ) ગંગારામભાઈ ઠક્કરના ત્યાં સાણંદ ગામે પધરામણી.
પ.ભ. સુભાષભાઈ ચિમનલાલ પટેલને ત્યાં પધરામણી, વટવા.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર (ભક્તિનગર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨-૧૩ થોબાઉ (રાજ. જી. ઝાલોર) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૫ શ્રી સ્વામિનારાયણમંદિર માનગઢ (હળવદ-મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૬ શ્રી લક્ષ્મીકાન્ત વી. પટેલના મુક્તજીવન કલરલેબના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, વસ્ત્રાપુર.
પ.ભ. શામજીભાઈ ધરમશીભાઈ દલવાડીને ત્યાં પધરામણી, બોપલ.

પ.ભ. દિનેશભાઈ કે. ભગતને ત્યાં પધરામણી, સેટેલાઈટ.
૧૭ પ.ભ. હેમંતભાઈ નારણભાઈ શુકલને ત્યાં પધરામણી, ડ્રાઈવ-ઈન-રોડ.
૧૮ પ.ભ. ઘનશ્યામ જ્યોતિષચંદ્ર શાહને ત્યાં પધરામણી, આંબાવાડી.
૧૯ પ.ભ. સુરેશચંદ્ર ફરસુરામ ત્રિવેદીને ત્યાં પધરામણી, મણીનગર.
પ.ભ. જાની રસિકભાઈ ભાઈશંકરને ત્યાં પધરામણી, મણીનગર.
૨૦ સુદામા એન્ટર પ્રાઈઝના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, પાલડી.
૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર નસીતપર (મૂળીદેશ તા. ટંકારા) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૨ જેતલપુર શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ 'રજત જયંતી' પ્રસંગે પધરામણી.
૨૩ મે થી યુ.કે. અને અમેરિકાના ધર્મપ્રવાસે પધરામણી.



ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૦૪)

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા રામબાગ શિખરબધ્ધ મંદિરની ખાત વિધિ પ્રસંગે પધરામણી.
પ.ભ. હિતેશ પી. પંડ્યાને ત્યાં પધરામણી, ઈન્કમટેક્ષ.
૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર બાયડ પારાયણ પ્રસંગે પધરામણી.
૨૩ જેતલપુર શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રજત જયંતી પ્રસંગે પધરામણી.
૨૪ નસીતપર (તા. ટંકારા મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૮ પ.ભ. રેવાભાઈ જોઈતારામ પટેલને ત્યાં માણસા ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૨૯-૩૦ છપૈયા (યુ.પી.) મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૩૧ ઈડર મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

terf
શ્રી તેજેન્દ્રપ્રસાદજી એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન
એડમીશન ચાલુ છે

નારણપુરાના પોશ વિસ્તારમાં ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ અંતર્ગત શ્રી તેજેન્દ્રપ્રસાદજી એજ્યુકેશન રિસર્ચ ફાઉન્ડેશન Terf અંગ્રેજી જુનીયર કે.જી. થી ધો. ૮ સુધી અંગ્રેજી મિડીયમ અને ધો. ૧ થી ૭ ગુજરાતી મિડીયમમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓનું એડમીશન ચાલુ છે. વહેલાસર એડમીશન મેળવી લેવું.

સંપર્ક
terf શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા પાસે, એ.ઈ.સી. ઝોનલ ઓફીસ પાછળ, અમદાવાદ.
ફોન: ૨૭૪૯૧૪૩૧, ૨૭૪૭૯૭૮૩

ઉત્સવ અપર સ્વરૂપનો ગરિમા આચાર્ય પદની

એક સ્વયંભૂ મહોત્સવ

-અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા


પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી નો ષષ્ઠી પૂર્તિ મહોત્સવ અદભૂત તો હતો જ, પરંતુ સાથે સાથે એ એક સ્વયંભૂ મહોત્સવ પણ બની રહ્યો.

તા. ૭-૩-૨૦૦૪ ને શ્રી નરનારાયણ જ્યંતી ના શુભ દિને મહોત્સવના સૂચિત યુનિ.ના મેદાનમાં ધ્વજારોપણ વિધિ તથા ફુલદોલોત્સવ પણ હોવાથી રંગોત્સવનું આયોજન કરવામાં આવેલું.

હજારો બાઇ-ભાઇ હરિભક્તો તથા સંતો ને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. બાળલાલજી એ કેસૂડાં, ગુલાબનાં કેસરિયાં રંગભીના ફૂવારાથી એવાં તો રંગ્યા હતાં કે મહોત્સવની સફળતાનો રંગ અને ઉમંગ આપો આપ સર્વે માં વ્યાપી ગયો.

"જગતનાં જીવો કરતાં આપણો રંગોત્સવ કંઇક જુદા પ્રકારનો છે. કેમ કે આપણ સર્વે તો શ્રી નરનારાયણદેવ એના આશ્રિત છીએ અને એમનાં રંગે રંગાયેલાં છીએ. આવા સુંદર વચનામૃત સમા આશીર્વચનો ધ્વજારોપણ દિને પૂ. લાલજી મહારાજશ્રીએ સૌને પાઠવેલાં.

બસ પછીતો "આપણ સર્વે શ્રી નરનારાયણદેવ એનાં આશ્રિત છીએ તેથી ઉત્તમ જ છીએ, એમાં કાંઇ સંશય



નથી " એવો કેફ, એવી ઉત્તમતાનો નશો પ્રત્યેક કાર્યકર્તા સત્સંગીને એવો તો લાગી ગયો કે જોત જોતાંમાં "મહોત્સવ નગર" - સવારે કળીમાંથી કમળ ખીલી ઊઠે તેમ મહોરી ઊઠ્યું.

ચાલો આપણે મહોત્સવ નગરનું વિહંગાવલોકન કરીએ.

મુખ્ય દ્વારથી દાખલ થતાં જ "શ્રી હરિચરણ" ની સંગે મરમર સમી ધવલ છત્રી આવે. શ્રીહરિના ચરણાવિંદને પ્રણામ કરીને મહોત્સવ તરફ આગળ વધીએ એટલે કલાત્મક વિશાળ પ્રવેશ દ્વાર હતું. દ્વાર આગળ જ શરણાઈના સૂરોથી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની દિવ્ય ધૂન સતત રેલાતી જેનાં મીઠા સ્વરો પ્રત્યેક આગંતૂકને અભિભૂત કરતા.

પ્રવેશ દ્વારથી અંદર પ્રવેશીએ એટલે ડાબી બાજુ અખંડ ધૂન્યનું મંદિર અને મંડપ હતાં. અહીં સાતેય દિવસો દરમ્યાન અનેક વિધ ગામોના સત્સંગી મંડળો એ એક પછી એક આવીને "શ્રી સ વા ્ ય ણ સ્વામિનારાયણ" મહામંત્રનીધૂન્યને સતત ગુંજતી રાખી. મંડપના મંદિરમાં જઈને શ્રી ઘનશ્યામ મહારાજના મેઘાવી સ્વરૂપને - આંખડી ઠારીને જોવાનું મન અચૂક થાય એવી એ મનોહર મૂર્તિ હતી.

અખંડ ધૂન્યની બાજુમાં અતિ વિશાળ શમિયાણો બાંધવામાં આવેલો. જેમાં મહાવિષ્ણુયાગ યજ્ઞ માટેના ૫૦૦ જેટલાં કૂંડો હતા. બે હજાર જેટલાં સત્સંગી યુગ્મો એ વિષ્ણુયાગ મહાયજ્ઞનો પરમ લાભ પ્રાપ્ત કર્યો.

મુખ્ય પ્રવેશ દ્વારથી બરાબર સીધા

આગળ ચાલીએ એટલે અતિ વિશાળ સભા મંડપ હતો. અમદાવાદ મંદિરના મહંત શા. સ્વા. શ્રી નિર્ગુણસ્વામીએ શ્રી સત્સંગિભૂષણ પારાયણની કથા - રસમધુર શૈલીમાં, સાતેય દિવસો દરમ્યાન નિરુપી હતી.

પ્રવેશ દ્વારની જમણીબાજુ "હમારે મહારાજશ્રી" એ શિર્ષક હેઠળ, પૂ. મહારાજશ્રીનાં જીવન તથા કવનને દર્શાવતું એક પ્રદર્શન યોજવામાં આવેલું. શ્રી હરિના અપર સ્વરૂપ એવા પ.પૂ. આચાર્યશ્રી ના બાળપણથી તે આજ દિન સુધીની એમની જીવન અને સત્સંગ યાત્રાની અતિ દુર્લભ તસ્વીરો એમાં હતી. શ્રીહરિ અને શ્રીહરિના અપર સ્વરૂપની અલપ-ઝલપ દર્શાવતુ આ પ્રદર્શન જાણે કે આ મહોત્સવનું હાર્દ હતું. સ્વામિનારાયણ વાડીના ઓટલે શેરડીનો સાંઠો આરોગતા પંચ વર્ષીય બાળ લાલજી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સમૂહ તસ્વીરમાં અદબ વાળીને ઊભાં રહેલા કિશોર સ્વરૂપ - કે જગતના નામાંકિત તસ્વીરકારે ઝડપેલા હિંડોળે ઝૂલતા વર્તમાન આચાર્ય મહારાજશ્રી આ સર્વે તસ્વીરો એવી આબેહૂબ અને સુંદર હતી કે આપણે જાણે પૂ. મહારાજશ્રીના જીવનમાં ડોકિયું કરીને એમના વ્યક્તિત્વનો સાક્ષાત્કાર કરતાં હોઈએ એવું લાગ્યા વિના ના રહે !

પ્રદર્શન વિભાગને અડીને જ વિશાળ ભોજન શાળા હતી. પ્રસાદનો સમય થાય એટલે અહીં વિશાળ જન સંખ્યા ઉભરાતી. દાળ, ભાત, શાક, લાડુ, જલેબી, ફરસાણ, એમ વિવિધ વ્યંજનો અને પકવાનોનો અખૂટ પ્રવાહ વહેતો રહેતો. ગમે તેટલી ભીડ કેમ ન હોય, થોડાંક જ સમયમાં સૌ કોઈ પ્રસાદ પામીને તૃપ્તિ અનુભવતાં.

ષષ્ઠી પૂર્તિ મહોત્સવ દરમ્યાન અનેક મહેમાનો, રાજકીય મહાનુભાવો, સંતો, ધર્માચાર્યો, તથા આમંત્રિતો પધાર્યા હતા. દેશો દેશથી આવેલા સત્સંગીઓ તો ખરાંજ. ચૈત્ર માસની શરૂઆતના દિવસો હતા ગરમીના દિવસો શરૂ થઈ રહ્યાં હતા. પરંતુ પાણીનું સંચાલન એટલું અદ્‌ભૂત હતું કે કોઈનેય તરસ કે તાપ નડ્યાં નહિ ! ચૈત્રી બપોરે જાણે મહોત્સવ રૂપી ગુલમહોર અને ગરમાળો રંગીન બનીને મહોરી ઊઠ્યાં.

આ મહોત્સવનું સ્થળ-આયોજન ખૂબ જ ઓછા સમયમાં કરવામાં આવ્યું હતુ. દશ હજાર જેટલા સત્સંગી યુવા ભાઈ-બહેનો એ સ્વયં સેવક બની મહોત્સવની સફળતાનો પડકાર ઝીલી લીધેલો. જે જગ્યાએ જે કામ સોંપેલું તેને બરાબર નિષ્ઠા પૂર્વક પાર પાડ્યું. કપડાં કે પરસેવાની પરવાહ ર્ક્યા વિના એમણે કાર્ય ને પોતીકું માન્યું "હમારે મહારાજશ્રી" હમ સબકે હૈ. એ જ એક લગન અને એમનો જ આ મહોત્સવ એટલે પછી પૂછવાનું જ શું ? ખંત અને ઉત્સાહ, પરસેવાના ટીપે ટીપે ચમકતો જોવા મળતો.

સમગ્ર ષષ્ઠી પૂર્તિ મહોત્સવની સફળતા પાછળ મહોત્સવના આર્કિટેક્ટ અને અધ્યક્ષ એવા આપણા સૌના લાડીલા પ.પૂ. લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજીનું કૌશલ્ય પૂર્ણ આયોજન જ કામ કરી ગયું. સંતો હરિભક્તો અને યુવાન સ્વયંસેવકોએ ત્રણેય અંગોને એમણે એવી રીતે સાંકળી લીધા કે મહોત્સવ સાંગોપાંગ સફળતા ને પામ્યો.

મહોત્સવ દરમ્યાન યોજાયેલા વિવિધ કાર્યક્રમોએ મહોત્સવને ચાર ચાંદ લગાવી દીધા. સમૂહ યજ્ઞો પવિત, સંત દીક્ષા, પ્લેટિનમ તુલા વિધિ કે પછી પૂ. મહારાજશ્રીની શોભાયાત્રા. પ્રત્યેક કાર્યક્રમ પ્રસન્નતા પૂર્વક પાર પડ્યો. બપોરે ૩-૩૦ વાગ્યે કાળુપુર મંદિરેથી પ્રસ્થાન પામેલી શોભાયાત્રા, સમગ્ર શહેર પાર કરીને રાત્રિના ૮-૩૦ વાગ્યે મહોત્સવના સ્થળ પર આવી ત્યારે જે માનવ મહેરામણ ઊભરાયેલો તે અદ્‌ભૂત હતો. એક માત્ર આચાર્ય મહારાજશ્રીના અભિવાદન ખાતર અને એમનાં દર્શન માત્રની ઈચ્છાથી જ સૌ વાટ જોઈ રહેલાં. એ તલસાટને જોવો એ જીવનનો એક લહાવો હતો.

સમગ્ર મહોત્સવ દરમ્યાન અતિ સુંદર અને મહાન લાભ જો સૌ કોઈ પામ્યા હોય તો તે હતા પ.પૂ. આચાર્યશ્રીના આશીર્વચનો. પ્રત્યેક દિને પૂ. મહારાજશ્રી જાણે અઢળક ઢળીને આશીર્વચન પાઠવતા. સાતેય દિવસો દરમ્યાન ઉદ્‌ભવેલા એ આશીર્વચનોના અંશ માત્ર ને આસ્વાદી એ તોય પરમ તૃપ્તિના ઓડકાર આવે : "આજે અમે જે કાંઈ છીએ તે અક્ષરનિવાસી પૂ. બાપૂજીના આશીર્વાદ, આ સંતોના આશીર્વાદ અને આ દિવ્ય સત્સંગની શુભેચ્છાઓના પ્રતાપે કરીને છીએ."

"આ તો શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનનો મહોત્સવ છે. એ માધ્યમે

કરીને અમે સર્વાવતારી શ્રીહરિ ને ઓળખ્યા છે. તે આ ઉત્સવે કરીને સર્વેને ઓળખાવવાના છે.”

“આ વખતે આશીર્વાદ આપવા અને લેવા માટે જ બેઠા છીએ. આટલા બધા વૃધ્ધ સંતો દેશ દેશાંતરથી આવે છે તે ભાવના અને લાગણી થી આકર્ષાઈને આવ્યા છે. એ સંતો તથા હરિભક્તો અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપે”.

“જ્યારે સભામાં અમારી પ્રસંશા થતી હોય ત્યારે દેહે કરીને અહીં બઠા હોઇએ છીએ પણ મને કરીને તમારી વચ્ચે આવીને બેસી જઇએ છીએ. અને સાંભળીને રાજી થઇએ છીએ કે જુવોને આ નરનારાયણદેવની ગાદી અને એના પીઠસ્થાનની કેટલી પ્રસંશા થાય છે ?”

“આપણે તો શ્રીજી મહારાજના દાખડા સામું જોવાનું છે. શ્રીજી મહારાજે અનહદ પરિશ્રમ કરીને આ સત્સંગ વિકસાવ્યો છે. જગતનાં જીવોને સદાચાર યુક્ત જીવનથી મૃત્યુ પછી જે પ્રાપ્તિ થાય એ પ્રાપ્તિ આપણને સદેહે પ્રાપ્ત થઈ છે. બસ આવો મહિમા સમજી આ જન્મ છેલ્લો કરી લેવાનો છે”.

“તમે કોઈક અજાણી વ્યક્તિના ઘરે જાવ અને ત્યાં જઈને તમે તમારા દાદાની જ છબી જુઓ છો. એ વ્યક્તિ એમની પૂજા કરે છે. તે વખતે તમારા મનમાં કેવા ભાવ ઊઠે ?

અમે પણ જ્યારે સત્સંગીના ઘેર જઇએ છીએ. જ્યાં અમારા દાદાજીની પ્રતિમા-તસ્વીરની પૂજા થતી હોય છે ત્યારે અમારા મનમાં એ વ્યક્તિ વિષે અતીશે અહોભાવ અને આત્મીયતા આવી જાય છે”.

“આ પ્રસંગે અમને પણ કંઈક આપવાનું મન થયું છે. નંદ સંતો જ્યારે કચ્છમાં વિચરતા ત્યારે એક નાનકડા બાળકે સંતોની બહુ સેવા કરી તેથી સંતો રાજી થયા અને બાળકને કાંઈક માંગવા કહ્યું. બાળકે માંગ્યુ કે તમને વહાલામાં વહાલી જે વસ્તુ હોય તે અમને આપો. સંતો ને તો સૌથી વધારે વહાલાં ભગવાન જ હોય તે બાળકને ભગવાન આપ્યા. ત્યારથી એની નિરાવરણ દ્રષ્ટિ થઈ અને એ અચ્યુતદાસ સ્વામી થયા. અમે જેવા શ્રી નરનારાયણદેવ ને ઓળખ્યાં છે એવાં તમને સર્વેને ઓળખાવવા છે.”

સમગ્ર ષષ્ઠી પૂર્તિ મહોત્સવમાં આશીર્વચનો નો ધોધ વહેતો રહ્યો.



આ એક એવો મહોત્સવ હતો જેમાં લોકો સ્વંર્યભૂ રીતે અહીં આવતા, મહોત્સવને માણતા અને શ્રી નરનારાયણદેવના મહિમાને અંતરમાં ઉતારીને બહાર નીકળતા.

ઉત્સવ હતો અપર સ્વરૂપનો, પરંતુ એમાં ગુણગાનતો આચાર્યપદ અને શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના જ ગવાયા.

“શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનનો જ આ ઉત્સવ છે. એવા પ્રારંભિક આશીર્વચન થી લઈને “અમે જેવા શ્રી નરનારાયણદેવને ઓળખ્યાં છે એવા તમને સર્વે ને ઓળખાવવા છે”. એ અંતિમ ચરણની ભેટ - બધું જ સર્વથા અદ્‌ભૂત હતું.

“એક વાત કહું તે સાંભળો. (કેમ કે) તમે અમારા છો માટે જાણીએ છીએ જે કહીએ જ” ગઢડા પ્રથમના ૧૮ માં વચનામૃતમાં પ્રગટ થતી શ્રીહરિની આવી આત્મીયતા જાણે મહોત્સવમાં પૂ. મહારાજશ્રીનાં આશીર્વચન સ્વરૂપે ફરીથી પ્રગટ થઈ. એમણે અંતરના રાજીપાથી શ્રી નરનારાયણદેવના મહિમાને એવો પ્રગટ પ્રમાણ આપણા સૌના હૃદયમાં પ્રસ્થાપિત કર્યો કે જીવન પર્યંત ક્યારેય વિસરાશે નહિ.

નામ ભલે, ષષ્ઠી પૂર્તિ મહોત્સવ હતું. કાર્ડ ભલે પૂ. આચાર્ય મહારાજશ્રીનું વટાવ્યુ. પરંતુ એનાં નિચોડ સ્વરૂપે શ્રી નરનારાયણદેવ નો મહિમા અને પીઠ સ્થાન તથા આચાર્યપદની જે ગરિમા પ્રાપ્ત થઈ - એ દિવ્ય પ્રસાદી કદાચ ફરી ક્યારેય મળશે કે કેમ ? આવો તલસાટ સત્સંગી માત્રને સદાય સતાવતો રહેશે. મહોત્સવની આથી વિશેષ બીજી ફળશ્રૃતિ કઈ હોઈ શકે ?

મહોત્સવ નગરના મુખ્ય રાજમાર્ગ ઉપર અંગ્રેજી સુવાક્યો દર્શાવતા મોટા હોર્ડિંગ્સ મૂકવામાં આવેલા. એમાંનું એક સુંદર વાક્ય આ હતું :

“True Guru is the one who leads to God.”

“જે પરમાત્મા પ્રતિ દોરે એ જ સાચા ગુરુ”

પ.પૂ. મહારાજશ્રીએ એમનાં ષષ્ઠી પૂર્તિ મહોત્સવની અનુમતિ આપી અને એ મહોત્સવના માધ્યમ દ્વારા પરમાત્માની ઓળખાણ કરાવી. આથી અલૌકિક બીજી ભેટ ક્યાં મળશે ?



ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શ્રીનરનારાયણનું અદ્‌ભુત મિલન



ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી - બાપુનગર)

આજથી બે અબજ વર્ષ પૂર્વે સૃષ્ટિના આરંભ કાળમાં જે પ્રભુ ધર્મ અને મૂર્તિ થકી નરનારાયણ સ્વરૂપે ભરતખંડમાં પ્રગટ થયાં હતાં. આજથી ફક્ત ૨૨૨ વર્ષ પૂર્વે સર્વ અવતારના કારણ રૂપ એવા શ્રી સ્વામિનારાયણ નામથી ધર્મ અને ભક્તિ થકી ભરત ખંડમાં પ્રગટ થયાં હતા. મૂર્તિ તેજ ભક્તિમાતા છે. નરનારાયણ ભગવાન બદરિકાશ્રમમાં ઋષિ સ્વરૂપે અખંડ તપ કરી, તે તપનું ફળ ભરતખંડના ભક્તોને આપે છે. ભરતખંડની પ્રજાના ઉપાસ્ય દેવ નરનારાયણદેવ અને મુખ્ય ભક્ત નારદજી છે. તે વાતનો ભરતખંડની પ્રજાને લાંબો ખ્યાલ નહોતો. આપણાં ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને આ રહસ્ય સૌને સમજાવ્યુ. વળી સ્વયં પ્રતિષ્ઠા કરેલા નવ મહામંદિરો પૈકી બે મંદિરો (અમદાવાદ અને ભુજ)માં પોતાના નરનારાયણ સ્વરૂપની પ્રતિષ્ઠા કરી. **અમદાવાદમાં તો બાથમાં લઇને નરનારાયણદેવ પધરાવ્યા. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં કહીએ તો "છો તો એક, પણ દીસો છો દોય, તેનો ભેદ જાણે જન કોય".** શ્રી હરિએ ગૃહત્યાગ કર્યા પછી બદ્રિકાશ્રમમાં નરનારાયણદેવને મળ્યા. તે દિવ્ય મિલન શ્રી આધારાનંદ મુનિએ શ્રીહરિચરિત્રામૃત સાગર ગ્રંથમાં અદ્‌ભૂત રીતે વર્ણવ્યુ છે.

શ્રી મુક્તમુનિ ઉત્તમરાજાને કથા સંભળાવે છે, કે હે રાજન ! શ્રીહરિ દશેરાથી અન્નકૂટ સુધીના દિવસોમાં બદરીનાથ રહ્યાં. અન્નકૂટ કર્યા પછી મંદિરના દરવાજા બંધ થાય છે. અખાત્રીજ સુધી બંધ રહે છે. ત્યારે સિધ્ધપુરુષો પૂજા અને થાળની વ્યવસ્થા કરે છે. પછી જોષીમઠના વર્ણીઓ બદ્રીનાથથી જોષીમઠ જવા લાગ્યા. શ્રીહરિને પણ તેમણે બહુ આદર સત્કાર સાથે જોષીમઠ સુધી સાથે રાખ્યા. વર્ણીઓ એ શ્રીહરિને જોષીમઠમાં કાયમ રહેવા પ્રાર્થના કરી. ત્યારે વર્ણીએ કહ્યું- તમારો ઘણો ભાવ છે તો ફરી અમે આવીશું. હાલ હિમગિરિમાં નરનારાયણના આશ્રમની શોભા જોવાની ને તપ કરવાની ઇચ્છા છે. તમો રસ્તો બતાવો તે રસ્તે અમે જઇએ. બરફના પ્રદેશનો અમને ડર નથી. ત્યારે જોષીમઠના વર્ણીએ શ્રીહરિની પૂજા કરી અને ઠંડી ખાળે એવો એક ધાબળો આપ્યો. શ્રીહરિને કહ્યું કે તમે તો નિબંધ છો અને અમે તો બંધાયેલા છીએ. આ જગ્યા તમારી જાણી ફરી દર્શન દેજો. વારંવાર તમારી સેવા મળે એવો વર દેજો. તમે સમર્થ છો એટલે અમારાથી કંઇ કહેવાય નહિ. પણ તમે જે રસ્તે જાઓ છો, તે મૃત્યુમાં ગતિ કરવા બરાબર છે. વિચાર બંધ રાખો તો સારું એમ વિનંતી કરી, પણ શ્રીહરિ ચાલી નીકળ્યા. જોષીમઠના વાસી મનમાં આશ્ચર્ય પામ્યા અને માનવા લાગ્યા કે આ વર્ણી કોઇ અવતાર રૂપ છે. અથવા મહાસિધ્ધ હશે. નહિ તો હિમગિરિમાં કોઇ જઇ શકે નહિ.

હવે શ્રીહરિ હિમગિરિમાં ચાલ્યા, ત્યારે નારાયણ ભગવાને નરને કહ્યું કે અક્ષરપતિ ભગવાન તપ કરવાને મિષે બાળસ્વરૂપે સૌને દર્શન દેવા અહીંયાં આવે છે. ઉઘાડે પગે એકલા આવે છે, માટે હિમગિરિને કહો કે મૂર્તિમાન સન્મુખ જાય. વર્ણી શ્રીહરિને કોઇ દુઃખ ન થાય એવું જતન કરે. ત્યારે હિમગિરિને નર ભગવાને નારાયણની આજ્ઞા કહી સંભળાવી. જેથી **હિમગિરિ દેવ જેવું રૂપ ધરી શ્રીહરિ સન્મુખ આવ્યાં. અને કર જોડી સાષ્ટાંગ પ્રણામ કર્યા અને કહ્યું કે આપ અમને પાવન કરવા પધાર્યા તે બહુ કૃપા થઇ. તમે કહો તે વાહન લાવુ. હું સાક્ષાત્ હિમગિરિ છું. નરનારાયણ ભગવાનની આજ્ઞાથી આપની સન્મુખ આવ્યો છુ, અને દર્શનનો લાભ થયો.** પાછળ નરઋષિ પણ ખબર

સાંભળીને આવે છે. શ્રીહરિ કહે અમારે વાહનની ઇચ્છા નથી પગે ચાલીને યાત્રા કરવાનું અનંત ફળ છે. તેથી ચાલવામાં જ અમને આનંદ છે. એટલામાં કેટલાક ઋષિઓને સાથે લઈને નર ઋષિ પણ સામા આવ્યા. પરસ્પર મળ્યા અને એકબીજાનો મહિમા કહી પગે લાગ્યા. કુશળ પૂછ્યુ નરના દર્શને કરીને શ્રીહરિને આનંદ થયો. વર્ણીના દર્શનથી નરઋષિને આનંદ થયો. મુનિઓએ ફળફુલ અર્પણ કર્યા. મુનિવરો અને શ્રીહરિ સૌ સાથે અતિ શીતળ જળ આવતું હતું ત્યાં ન્હાયા. શ્રીહરિએ નિત્ય વિધિ કરી ફળ ફૂલનું નૈવેધ કરી નર આદિક ઋષિઓને પ્રસાદી આપી. પોતે પણ થોડું આનંદથી જમ્યા. દરરોજ પાંચ ગાઉ ચાલતા ત્રીશ દિવસે બદ્રીવનમાં પહોંચ્યા. ત્યાંની મહા અલૌકિક શોભા જોઈને પ્રસન્ન થયાં. વિવિધ ભાતના પશુઓ, પક્ષીઓ, તથા ઝરણાના મધુર શબ્દોથી તે વન પ્રીતિ જનક હતુ. ત્યાં અતિ ઠંડા જળ વાળી એક નદી આવી.તેમાં જે પડે તે ઠરી જાય એવી હતી. સિધ્ધ મુક્તોની સહાયથી શ્રીહરિ નદી પાર ઉતર્યા. જેમ જેમ આગળ ચાલે તેમ તેમ અત્યંત આનંદ પામતા હતા. ભરતખંડનું સૌથી શ્રેષ્ઠ આ ધામ છે. કે જેમાં નિષ્કામી ભક્તો અખંડ રહે છે. તેને પામીને શ્રીહરિ બહુ રાજી થયાં.

નરનારાયણ જે આશ્રમમાં તપ કરતા હતા તેની સમીપે શ્રીહરિ પહોંચ્યા. ત્યારે નારાયણઋષિ સન્મુખ દોડીને આવ્યા. ભગવાનના બન્ને સ્વરૂપોનું મિલન અને પરસ્પર જે મનુષ્ય લીલાનું અનુકરણ કરે તેને જોવા માટે ભવ બ્રહ્માદિક અનેક દેવતાઓ વિમાનમાં બેસી દર્શન કરવા આવ્યા. અને પુષ્પની ઝડી વરસાવી. **પ્રથમ નારાયણ ઋષિ શ્રીહરિને મળ્યા. તે અત્યંત પ્રેમને લીધે વારંવાર પાછા હટી વારંવાર ભેટવા લાગ્યા. અત્યંત હેતે કરીને ગદ્ ગદ્ કંઠે અને સજળ નેત્ર બની ગયાં. સાંજ પડવા આવી ત્યારે બીજા પણ તપસ્વીમુનિઓ તપ માંથી નિવૃત થઇને શ્રીહરિ પાસે આવી ચરણમાં પડી સુગંધીમાન પુષ્પના હાર પહેરાવવા લાગ્યા. તેવી રીતે શ્રીહરિ પણ પ્રેમથી દોડીને નારાયણના ચરણમાં પડ્યાં.** નારાયણઋષિ પણ પોતે મનુષ્ય ભાવ લાવી વર્ણીને કુશળતા પૂછીને કહેવા લાગ્યા કે તમારા ચરણના પ્રતાપથી આ આશ્રમ પવિત્ર થયો. અક્ષરધામની અધિકતા પણ આપના ચરણના પ્રતાપે જ થઈ છે. એમ કહી શ્રીહરિનો હાથ પકડી આશ્રમ ઉપર લઈ ગયા. કાર્તિક વદી આઠમની અંધારી રાત્રિ હોવાથી મુનિએ રાતના કાષ્ઠની મશાલો કરી અજવાળું કર્યું. બદરી તળે આસન કરી આપ્યું. શ્રીહરિને બેસાડી પોતે નારાયણઋષિ પણ બેઠા અને આવી વિકટ ભૂમિ ઓળંગીને આવવાનું કારણ પૂછવા લાગ્યા. વળી કહ્યું કે સિધ્ધગતિ પામેલા મુનિઓ જ કેદારનાથ ભગવાનની સહાય થી અહીં આવી શકે. તમે આવ્યા તે બહુ કૃપા થઇ. અમારા જેવી સેવા હોય તે અમને કહો. અહીંયા સૌ તમારું ચિંતવન કરે છે. તમે આજે પ્રગટ મળ્યા તેથી અમારા સૌના તપ ફળ્યાં. અમે કૃતાર્થ થયાં છીએ. આ આશ્રમના તથા બદરીતળેની જગ્યાના ધન્ય ભાગ્ય છે. આ તમારો જ આશ્રમ છે એમ જાણી અહીંયા સુખેથી રહો. તપનું મિષ લઈને આપ અમને સૌને કૃતાર્થ કરવા જ આવ્યાં છો. છતાં આપનું સામર્થ્ય છૂપાવીને ફરો છો. પરંતુ આપ તો પૂર્ણ કામ અને સર્વથી પર છો. તમારી મોટ્યપથી જ બીજાની મોટ્યપ છે. તમારા વચન જીવને મુક્તિ આપનારા છે.તેમાં એક વચન પણ જો કોઈ દ્રઢ કરીને પાળે તો જન્મ મૃત્યુથી મુક્ત થાય. પછી શ્રીહરિ બોલ્યા કે મોટા હોય તે બીજાને મોટા સમજે. તુચ્છ હોય તે બીજાને તુચ્છ માને. જેવડું વાસણ હોય તેટલુ પાણી માંય. તમે અગાધ સિંધુ જેવા છો તેથી બીજાને તેવા સમજો છો. હવે અમે આવવાનું કારણ કહીએ છીએ કે જગતમાં ગુરુ, પ્રજા, રાજા સૌ એક રુચિના થઈને માંસ, મદિરા, ચોરી, વ્યભિચારમાં પ્રવર્તે છે. યજ્ઞ - યાગાદિકનો નાશ કરે છે. ધર્મ કોઈને રૂચતો નથી. આ બધું જોઈને ઉદાસ થઈને અમે તમારી પાસે આવ્યાં છીએ. તે ધર્મમાં બધાં ને રૂચિ થાય એવો કોઈ ઉપાય હોય તે કહો. અમે જોયું કે તમારા વિના બીજું કોઇ આ ભુવન ઉપર સહાય કરે તેમ નથી.

વર્ણી પ્રત્યે નારાયણઋષિ કહે છે. કે તમે તો મહા સમર્થ છો. મનુષ્ય ભાવે

આવી સહાય માંગવાની વાત કરો છો. પણ તમારે સહાયની જરૂર હોય નહિ. તમે કરો તે જ ધર્મ છે. તમે સંકલ્પ કરો તે દરેક ને કરવું પડે. કળિયુગ અને અધર્મ તમારી આગળ શી વિસાતમાં છે ? અને ક્યા લેખામાં છે ? તપ, તીર્થના ફળની તમારે ક્યાં જરૂર છે ? તમે જ બધાય ના ફળદાતા છો. તમારી મોટ્યપથી જ બધા નભે છે. અમને સૌને રાજી કરવા તમે આવ્યા છો. આમ બન્ને સ્વરૂપો પરસ્પર મનુષ્ય ભાવ લાવી વિનોદ કરે છે. આ વાત બ્રહ્માદિકના પણ કળ્યામાં આવે તેમ નથી. ત્રણ માસ પર્યંત વર્ણી ઘનશ્યામ એ આશ્રમમાં રહ્યાં અને ધ્યાન, સ્મરણ કરતા થકા અન્નનો ત્યાગ કરીને તપ કર્યું. સૌને આનંદ આપ્યો. બીજા ખંડના દેવો પણ વર્ણી શ્રીહરિ આવ્યા જાણીને ત્યાં આવતા અને પુષ્પાદિકથી પૂજા કરી સ્તુતિ કરતા. સૌ મુનિ પણ દરરોજ ભાવથી પૂજા કરવા આવતા હતા. શ્રીહરિ નારાયણઋષિને યુગ પ્રમાણે વર્ણાશ્રમ ધર્મ સંબંધી પ્રશ્ન પૂછતાં અને નારાયણઋષિ ઉત્તર આપતા. તેમણે કહ્યું કે પ્રાચીન ગ્રન્થોમાં અનેક પ્રકારની ભિન્ન ભિન્ન રુચિના જનોને ઉદ્દેશીને લખાયેલી વાતો છે, તેમાંથી બુધ્ધિમાન હોય તેને જ સાર વસ્તુ ગ્રહણ કરતા આવડે. સાર વસ્તુ નહિ સમજનારા પોતાની બુધ્ધિથી નિર્ણય કરી અવળે માર્ગે ચાલ્યા જાય તો જન્મ મરણના દુઃખથી છૂટે નહિ. તે સૌને ધર્મનું સ્વરૂપ સમજાવવા માટે **તમે ધર્મકુળમાં અવતાર ધારણ કર્યો છે. તમારો જે સંગ કરશે તે ભવ દુઃખથી મુક્ત થશે. તમે સમર્થ છો તે ચાહો તેમ કરી શકો. દુર્જન માણસોના પણ હિતને માટે તમો તેમના સંગમાં રહીને પણ નિર્બાધ રહી શકો તેમ છો.** બીજા તો ભવ, બ્રહ્મા અને નારદ જેવા હોય તો પણ વિચાર ક્યા વિના વર્તેતો કલંક લાગે, સૌ કલંકોમાં પણ નારીનું કલંક અધિક છે. તે વિષયમાં તો ત્યાગીએ અધિક વિચાર રાખવો પડે. આપ તો આકાશની જેમ અખંડ નિર્લેપ છો.

નારાયણની વાત સાંભળીને શ્રીહરિએ તેનો સ્વીકાર કર્યો અને કહ્યું કે તમો તો ભરતખંડના ઈશ છો. અમે તમારા શિષ્ય થઈને રહ્યાં છીએ. તપ કરવાની બહુ પ્રીતિ છે. છતાં તમે કહો તે અમારે કરવાનું છે. તમે સાક્ષાત્ ઈશ્વર હોવા છતાં જનના હિતને માટે તપ કરો છો. તેથી અમારા હિતને તમો જાણો એવું બીજા ન જાણી શકે. શ્રીહરિના વચન સાંભળી નારાયણઋષિ બોલ્યાં કે દુર્વાસાએ અહીં સૌને શાપ દીધો તે અમારી સૌની સહાય કરવા માટે તમે અવતારી પ્રગટ્યા છો. ઉધ્ધવજી પણ પ્રગટ થઈ ગયા છે. તે ગિરનારની છાયામાં ઈશ્વર ઇચ્છાથી આવશે. તમો પણ બધા ધામ અને વનમાં દર્શન દેતાં દેતાં પશ્ચિમ દેશમાં જશો. ત્યાં તમને ઉધ્ધવજી મળશે. નારાયણની મરજી જાણી શ્રીહરિ તૈયાર થયાં. જુદા પડતાં પ્રાણ ન રહે તેવું હેત દેખાડ્યું. એક બીજાની આજ્ઞામાં વર્તતા હોવાથી વિયોગ થતાં પણ પ્રાણ ટક્યાં. સજળ નેત્રે ગદ્ ગદ્ થઈ એક બીજાને બોલ્યા વિના નમ્યા. શ્રીહરિ હિંમગિરિ ને સાથે લઈને ચાલ્યા. શ્રીહરિ વિના તે આશ્રમ સૌને સૂનો સૂનો લાગ્યો. સૌ ઉદાસ થઈને શ્રીહરિને સંભારતા રહ્યા. શ્રીહરિ પણ હિમગિરિને નારાયણના ગુણનું વર્ણન કરીને કહેતા કે ક્યારે નારાયણ ઋષિના દર્શન થશે ? એમ સંભારતા ચાલ્યા તે માનસ સરોવર પહોંચ્યા. તેનું જળ નિર્મળ ને ઠંડુ હતુ. ચારે બાજુ રહેલા વૃક્ષો ઉપર પક્ષીઓ અને જળમાં હંસ કિલ્લોલ કરતા હતા. તેમાં શ્રીહરિ નાહીને આનંદ પામ્યા. હિમાચળ સ્વાદિષ્ટ ફળ લાવ્યા તે જમ્યા અને હિમાચળને પ્રસાદી આપી. ત્યાં પાંચ દિવસ રહી તે સરોવરમાંથી સરયૂ નીકળે છે. ત્યાંથી ચાલ્યા તે અખાત્રીજને દિવસે બદ્રીનાથના મંદિરમાં આવ્યા. દેવના દર્શન ક્યા. સેવકોએ તેમને ઓળખ્યાને પ્રસાદી જમાડી. શ્રીહરિએ કહ્યું કે અહીંયા અન્ન જમ્યાં હતા તે ફરી અહીં આવીને જમ્યા. જોષીમઠના વર્ણીએ પાસે આવીને વાત પૂછી ત્યારે શ્રીહરિએ જેવી રીતે હિમાચળમાં ગયા તે કથા તથા બદરીવનની શોભા, નરનારાયણઋષિની તપ કરવાની રીતિ, ત્યાંના પશુપક્ષીની રીતિ તથા છ મહિના સુધી ફળ ખાવા છતાં તે આશ્રમના પ્રતાપે કરીને ક્ષુધા પીડતી નથી. તે વાત તથા કળિયુગનો તે આશ્રમમાં પ્રવેશ નથી. ઇત્યાદિ કથા કહી તે સાંભળીને બધા આશ્ચર્ય પામ્યા કે આ કંઈ જીવનું કામ નથી. આપણા ધન્ય ભાગ્ય કે

(અનુસંધાન પાના નં.૧૨ ઉપર)

નારાયણ અને શિવજીની એકતા

-પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

વેદમાં નારાયણ અને શિવજીની એકતાનો ઉલ્લેખ કર્યો છે. વળી, શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે કે,

"एकात्म्य विज्ञेयं
नारायणमहेशयोः ।
उभयोर्ब्रह्मरूपेण वेदेषु,
प्रतिपादेनात् ॥४७॥"

અર્થાત્ "નારાયણ અને શિવજી એ બેનું એકાત્મપણું જ જાણવું, કેમ જે વેદને વિષે એ બેનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે."

આ શ્લોકમાં ચાર શબ્દ અગત્યના છે : વેદ, એકાત્મપણું, નારાયણ અને શિવજી, અપૌરુષેય વેદને શ્રી સહજાનંદ સ્વામીએ વચનામૃત તથા શિક્ષાપત્રીમાં અતિ મહત્ત્વ આપ્યું છે, શિક્ષાપત્રીમાં વેદનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે :

- વેદની નિંદા ક્યારેય કરવી નહિ, અને ન સાંભળવી (શિક્ષાપત્રી ૨૧)
- **ચાર વેદ તથા વ્યાસસૂત્ર તથા શ્રીમદ્ ભાગવત નામે પુરાણ તથા મહાભારતને વિષે તો વિષ્ણુ સહસ્રનામ તથા શ્રીભગવદ્ગીતા તથા વિદુરજીએ કહેલી જે નીતિ તથા સ્કંદ પુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રી વાસુદેવ માહાત્મ્ય, અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ એ જે આઠ સચ્છાસ્ત્ર તે અમને ઈષ્ટ** છે. શિક્ષાપત્રી ૯૩-૯૫.
- અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો (શિક્ષાપત્રી-૧૮૫)
- શ્રુતિ - સ્મૃતિએ પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો.

ટૂંકમાં, ધાર્મિક જગતમાં વેદ સૌથી પ્રમાણભૂત ગ્રંથ છે. મોટા ભાગના સંપ્રદાયો વેદને આદર આપે જ છે. સમગ્ર વિશ્વના પુસ્તકાલયમાં 'વેદ' સૌથી પ્રાચીન ગ્રંથ છે અને તેમાં એકશ્વેરવાદનું સ્પષ્ટ પ્રતિપાદન થયેલ છે.

પૌરાણિક દૃષ્ટિએ 'નારાયણ' એ ભગવાન શ્રી વિષ્ણુનું નામ છે. વિષ્ણુ આ સૃષ્ટિના સંચાલક છે. લક્ષ્મીજી તેમનાં ધર્મપત્ની છે. શેષનાગ આસન છે. અને 'ગરુડ' વાહન છે.

વેદોની દૃષ્ટિએ વિષ્ણુ, નારાયણ એક જ ઈશ્વરના ગુણવાચક નામો છે.

"वेवेष्टि व्याप्नोतिचराचर जगत् स
विष्णुः ।"

ચર અને અચર રૂપ જગતમાં વ્યાપક હોવાથી પરમાત્માનું નામ વિષ્ણુ છે.

વેદમાં પણ 'વિષ્ણુ' શબ્દ ઈશ્વરના અર્થમાં આવે છે.

"आपो नारा इति प्रोक्ता आपो वै
नरसूनवः ।
ता यदस्यायनं पूर्वं तेन नारायणः
स्मृतः ॥"

જલ અને જીવોનાં નામ આરા છે તે અયન અર્થાત્ નિવાસ સ્થાન છે. જેનું એથી સર્વ જીવોમાં વ્યાપક પરમાત્માનું નામ 'નારાયણ' છે.

ટૂંકમા, સર્વ તત્વોનો આધાર હોવાથી ભગવાન નારાયણ કહેવાય છે. વિષ્ણુ અને નારાયણ બંને શબ્દો સર્વવ્યાપક ઈશ્વરના અર્થમાં વપરાય છે.

પૌરાણિક દૃષ્ટિએ શિવજી પાર્વતીના પતિ, ગણેશ અને કાર્તિકેયના પિતા, દક્ષ, પ્રજાપતિના જમાઈ અને તેમનું વાહન નંદી છે.

વેદોની દૃષ્ટિએ શિવ, રુદ્ર, મહાદેવ, શંકર વગેરે એક જ ઈશ્વરના ગુણવાચક નામો છે.

"यो रोदयत्यन्याय कारिणोजनान्
स रुद्रः ।"

અર્થાત્ - જે દુષ્ટ કર્મ કરનારને રડાવે છે, તેથી તે પરમેશ્વરનું નામ 'રુદ્ર' છે.

જે કલ્યાણસ્વરૂપ અને કલ્યાણના કરનાર છે. તેથી તે પરમેશ્વરનું નામ 'શિવ' છે. વેદમાં 'શિવ' શબ્દ ભગવાનના અર્થનો વાચક છે.

"यो महतां देवः स महादेवः ।"

જે મહાન દેવોના દેવ અર્થાત્ વિદ્વાનોના પણ વિદ્વાન, સૂર્યાદિના પ્રકાશક છે. તેથી તે પરમેશ્વરનું નામ 'મહાદેવ' છે.

સહજ - આનંદના - સંદેશક શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીમાં 'નારાયણ' અને 'શિવજી'ના એકાત્મપણા દ્વારા એકેશ્વરવાદની જે

વાત રજૂ કરી છે તેને વેદ, વિષ્ણુસહસ્રનામ અને શબ્દશાસ્ત્ર અનુમોદન આપે છે.

'નારાયણ' અને 'શિવજી' એ બે અલગ દેખાય છે છતાં બંનેમાં એકાત્મપણું છે. એ બંનેમાં ભાવાત્મક એકતા છે. એમાં જરાયે જુદાઈ નથી. વેદમાં આ બંનેનું એકત્વપણે સુંદર વર્ણન છે, ઉપનિષદોમાં પણ છે. નારદ પંચરાત્રમાં તો એટલે સુધી લખ્યું છે :

"શિવોહરિહરિઃ સાક્ષાચ્છિવ એવ નિરુ પિતઃ ।"

અર્થાત્ - શિવ એ હરિ છે અને હરિ એ જ શિવ છે.

"શિવદ્વેષી હરિદ્રોહી વિષ્ણું નિત્યં ભજન્નપિ ।"

અર્થાત્ - ભગવાનનું ભજન કરતો હોય છતાં શિવજીનો દ્વેષ કરતો હોય તો એ ભગવાનનો દ્રોહી ગણાય છે.

શિક્ષાપત્રી ભાષ્યમાં શાસ્ત્રી શ્રીહરિકેશવદાસજી સ્વામીના શબ્દો ઉલ્લેખનીય છે : ".....આ શ્લોકમાં 'નારાયણ અને શિવજી'ની એકતા છે એમ જે કહ્યું છે, તેમાં અહીં 'નારાયણ' એટલે વૈરાજ નારાયણ જાણવા અને 'શિવ' કહેતાં કૈલાસપતિ જાણવા, કારણ કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તે વૈરાજનારાયણમાંથી ઉત્પન્ન થયેલા, અર્થાત્ તેમની નાભિમાંથી બ્રહ્મા, હૃદયમાંથી વિષ્ણુ અને લલાટમાંથી શંકર થયા છે, તેથી જે વેદને વિષે વૈરાજનારાયણનું અને શિવજીનું બ્રહ્મરૂપે ઐક્ય પ્રતિપાદન કરેલું છે..."

ઉપનિષદોમાં ઉલ્લેખ છે કે, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ - એ ત્રણેય પરબ્રહ્મની જ વિભૂતિઓ છે. બ્રહ્માનું કાર્ય સૃષ્ટિનું સર્જન કરવાનું, વિષ્ણુનું કાર્ય એને ધારણ કરવાનું, પોષવાનું અને સંવર્ધન કરવાનું છે અને શિવજીનું કાર્ય પ્રલય કાળે જગતનો વિલય કરવાનું છે.

શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોક છે. આ શિક્ષાપત્રીમાં આશરે ૬૬ વખત શ્રીકૃષ્ણનું નામ આવે છે. આમાં સહજાનંદ સ્વામી પોતાના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણની ઉપાસના (સ્વયં સર્વાવતારી શ્રીહરિની) અને શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરવાનું સ્પષ્ટ વિધાન કરે છે. (દા.ત. શિક્ષાપત્રી શ્લોક ૩૯, ૪૯, ૫૩, ૫૪, ૫૭, ૬૦, ૬૪, ૮૬, ૧૦૮ વગેરે).

ટૂંકમાં, અહીં કહેવાનું તાત્પર્ય અને તારતમ્ય એ છે કે, શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીના ૪૭માં શ્લોકમાં વેદ પ્રતિપાદિત્ 'એકેશ્વરવાદ' ની ભાવના વ્યક્ત કરી છે. તેને ધર્માચાર્યો, સંતો, વિદ્વાનો, કાર્યકરો વગેરે ક્રિયાવન્ત કરી આમ જનતાને બહુ દેવતાવાદમાંથી એકેશ્વરવાદ, તરફ લઈ જવા પ્રયત્ન કરે એ જ અભ્યર્થના ! અવતારના અવતારી, કારણના કારણ એવા કરુણાનિધાન શ્રી સહજાનંદ સ્વામીને કોટિ કોટિ પ્રણામ !

જય શ્રી સ્વામિનારાયણ

(અનુસંધાન પાના નં.૧૦ થી ચાલુ)

આવા વર્ણીના દર્શન થયાં.

જેઓએ શ્રી નરનારાયણ અને સ્વામિનારાયણ ભગવાનને ઓળખ્યા છે તેઓને ભગવાનના આ બન્ને સ્વરૂપોની મિલનની અદ્ભૂત કથા વાંચવાની બહુ મઝા પડી હશે ! આપણા અમદાવાદ કાળુપુર મંદિર માં સ્વયં શ્રીજી મહારાજે પધરાવેલા નરનારાયણદેવ, હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓમાં આ સ્વરૂપો પ્રત્યક્ષ રહેલા છે. રંગમહોલના ઘનશ્યામ મહારાજ આબેહૂબ ઘનશ્યામ મહારાજ છે. રંગ મહોલના ઘનશ્યામ મહારાજની આંખો અને આપણાં પ.પૂ. ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આંખો મળતી આવે છે. કારણ કે તેઓશ્રી ઘનશ્યામ મહારાજના જ છઠ્ઠા વંશજ અને ભગવાનનું અપર સ્વરૂપ છે. કાળુપુર મંદિરમાં નરનારાયણદેવ ના દર્શન યાત્રાનું ફળ શ્રીજી મહારાજે હિમગિરિમાં નરનારાયણદેવના દર્શન યાત્રાના ફળ સમકક્ષ કહ્યું છે. નિષ્કુળાનંદ સ્વામી પણ કાવ્ય માં લખે છે કે આ નરનારાયણદેવના દર્શન કરે તે મોટા ભાગ્ય વાળા છે. તો આપણે સૌ મહિમા સમજી દર્શન કરીએ અને આપણાં પરિચિત અન્ય ધાર્મિક જનોને દર્શન કરાવીએ, તેમાં શ્રીજી મહારાજનો અત્યંત રાજીપો છે. તેમજ શ્રી નરનારાયણદેવની છત્ર છાયામાં રહીને દેવ આચાર્ય ગાદીની નિષ્ઠા વાળો સત્સંગ કરીએ કરાવીએ તેમાં આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પણ અત્યંત રાજીપો છે.

સદા સાકાર છે ભગવાન

- ડૉ. ભરતભાઈ એન. સિંઘવ (બળોલ - ભાલ)



ભગવાન શ્રી સ્વામિનારાયણને વચનામૃત ગઢડા પ્ર-૭૧ માં સોમલા ખાચરે પ્રશ્ન પુછયો જે "ભગવાન પોતાના ભક્તના સર્વે અપરાધ માફ કરે છે. પણ એવો ક્યો અપરાધ છે જે ભગવાન માફ ન કરે ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે **"બીજા સર્વે અપરાધ ભગવાન માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ કરતા નથી. માટે ભગવાનના ભક્તનો કોઇ પ્રકારે દ્રોહ કરવો નહીં અને વળી ભગવાનના સર્વે અપરાધ કરતાં ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે.** તે માટે એ અપરાધ તો ક્યારેય કરવો નહીં અને એ અપરાધ કરે તો એને પંચ મહા પાપ કરતાં પણ અધિક પાપ લાગે છે અને ભગવાન તો સદા સાકાર મૂર્તિ છે. તેને જે નિરાકાર સમજ્યા એજ ભગવાનના આકારનું ખંડન કર્યુ કહેવાય. માટે ભગવાનના આકારનું ક્યારેય ખંડન ન કરવુ.

વ્હાલા ભક્તો સહજાનંદ સ્વામીના ગુરુ રામાનંદ સ્વામી અને રામાનંદ સ્વામીના ગુરુ આત્માનંદ સ્વામી હતાં. પરંતુ આત્માનંદ સ્વામી- ભગવાનને નિરાકાર સમજતા હતાં તેથી રામાનંદ સ્વામીએ આત્માનંદ સ્વામીનો ત્યાગ કર્યો હતો. નહીંતર આત્માનંદ સ્વામીમાં તમામ સદ્‌ગણો હતાં. પરંતુ ભગવાનને નિરાકાર માનતા હોવાથી રામાનંદ સ્વામીએ તેમનો ત્યાગ કર્યો હતો. માટે હંમેશા ભગવાન સદા સાકાર જ છે એમ સમજીને ઉપાસના કરવી. એમ ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગ.પ્ર. ૪૦ માં કહ્યુ છે કે "ઉપાસના તો તેને કહીએ જે ભગવાનના સ્વરૂપને વિશે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા હોય અને પોતે જે ભજનનો કરનારો તે બ્રહ્મરૂપ થાય તો પણ તે નિષ્ઠા જાય જ નહીં અને ગમે તેવા નિરાકાર પ્રતિપાદનના ગ્રંથને સાંભળે તો પણ ભગવાનના સ્વરૂપને સદા સાકાર જ સમજે અને શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે તો પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે.

નિષ્કુળાનંદ સ્વામી હરિસ્મૃતિ ગ્રંથના ૬ ઠ્ઠા પ્રકરણ (સુખ ચિંતામણી) માં સાકાર ઉપાસનાનું પ્રતિપાદન કરતાં લખે છે કે

"એમ સાકાર મૂર્તિ સંબંધે,
સુખિયા આદિ અંતે મધ્યે.
મૂર્તિ વડે મોટપ સહુની,
કોણ તપસી ઋષિમુનિ-સુખકારીજી.
તેમ મૂર્તિ તમારી મેલી,
સુખ સાટે મળશે સેલી (રાખ)
તમે જનના સુખને કાજ સદા
સાકાર છો મહારાજ-સુખકારીજી.
સાકાર વિના ન સરે કાજ,
માટે સાકાર છો સુખધામ
ચાર વેદ વદે એ વાત,
પ્રભુ પ્રગટ છો સાક્ષાત્ સુખકારીજી.
ષટ શાસ્ત્ર કે છે ખોળી મોટપ
પ્રગટની વણતોળી અપાર
અઢાર પુરાણમાં એમ કહે છે,
પ્રભુ સદા સાકાર રહે છે-સુખકારીજી.
સ્મૃતિ શ્રુતિનું એ તાન,
સદા સાકાર રહે ભગવાન,
તેણે કરી રહે છે સમુ (સરખું) નહીં તો
વણસી (બગડવું) જાય વસમુ-સુખકારીજી.
ન રહે એક સ્થિતિ એક રીતી,
સહુ કોઇ આદરે અનીતિ
ધર્મ ધરા (પૃથ્વી) પર ન રહે,
સહુ કોઇ અધર્મને ગ્રહે-સુખકારીજી

દેવ દાનવ માનવમુનિ,
માને નહી મરજાદા (મર્યાદા)
કોઇની
ચાર વર્ણ આશ્રમચાર,
સહુ ભ્રષ્ટ થાય નરનાર-
સુખકારીજી.

વ્હાલા ભક્તો ! હાલમાં ઘણા સંપ્રદાયો ભગવાનને નિરાકાર સમજીને ભજે છે તથા બીજાને પણ એમ સમજાવે છે કે ભગવાનને આપણી જેમ આકાર નથી. તેના વિરોધમાં ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા પ્રથમના ૪૫માં કહે છે કે "ભગવાન પુરૂષોત્તમ તો સદાસાકાર જ છે અને મહા તેજોમય મૂર્તિ છે. અને અંતર્યામી પણે કરીને સર્વત્ર પૂર્ણ એવું સચ્ચિદાનંદ બ્રહ્મ છે. તે તો મૂર્તિમાન એવા જે પુરૂષોત્તમ ભગવાન તેનું તેજ છે. અને શ્રૃતિ એ પણ એમ કહ્યું છે જે તે ભગવાન માયા સામું જોતા હતાં અને જ્યારે જુએ ત્યારે તેને શું એકલી આંખ જ હોય ? હાથપગ પણ હોય માટે સાકાર રૂપનું પ્રતિપાદન થયું અને વળી જેમ સમગ્ર જળ છે તેના જીવરૂપ જે વરૂણ તે પોતાના લોકને વિષે સાકાર છે ને જળ નિરાકાર કહેવાય અને જેમ સમગ્ર તડકો તે નિરાકાર કહેવાય છે ને સૂર્યના મંડળને વિષે જે સૂર્યદેવ છે તે સદા સાકાર છે, તેમ સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે, અને પુરૂષોત્તમ જે ભગવાન તે સાકાર છે અને એ સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે પુરૂષોત્તમ ભગવાનનું તેજ છે. તે માટે ભગવાન પુરૂષોત્તમ તો સદા સાકાર જ છે પણ નિરાકાર નથી. અને જે નિરાકાર કહે છે તે તો સમજતા નથી."

શ્રીજી મહારાજ પોતાના ભક્ત ઉપર અને સંતો ઉપર રાજી ક્યારે થતાં તે વચનામૃત ગ.પ્ર. ૩૭ માં કહ્યું છે તેમ,

"આ ભગવાનના ભક્તો તે સદા સાકાર જ છે. એમ સમજતો હોય અને ગમે તેવા વેદાંતીના ગ્રંથ સાંભળે પણ ભગવાનને નિરાકાર સમજે જ નહિ અનેએમ જાણે જે એ ભગવાન વિના બીજો કોઇ જગતનો કર્તા છે જ નહિ.એવી જેને ભગવાનને વિષે સાકારપણાની દ્રઢ પ્રતિતિ હોય અને તે જેવો તેવો હોય તો પણ એ અમને ગમે છે અને એને માથે કાળ કર્મ અને માયાનો હુકમ નથી. અને તે ગમે તેટલા શાસ્ત્ર સાંભળે અથવા ગમે તેનો સંગ કરે તો પણ પોતાને જે ભગવાનના સાકારપણાની નિષ્ઠા છે તે ટળે નહીં અને તેજના બિંબ જેવા નિરાકાર ભગવાનને કોઇ દિવસ સમજે નહિ એવી નિષ્ઠાવાળો જે સંત છે તેની પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ અને તેને દુઃખવતા પણ મનમાં બીયે છીએ. અને દર્શનને પણ ઇચ્છાએ છીએ.માટે ભગવાન પોતાના અક્ષરધામને વિશે સદા સાકાર મૂર્તિ રૂપે વિરાજમાન છે.

"કંઇકવાર અમે કહ્યુ, તમે સાંભળીયુ સો વાર
કામ પડે તે વાતનો નથી રહેતો ઉર વિચાર"

(ભ. ચિંતામણી - ૯૭)

માટે શ્રીજી મહારાજ અને સત્તપુરૂષોનો આશ્રય રાખી એમના વચનમાં વિશ્વાસ રાખી ને જો આ રીતે ઉપાસના કરીએ તો ભગવાનને રાજી કરવાનો સરળ ઉપાય થઈ જાય.

અમદાવાદ મંદિરથી નવું પ્રકાશન શ્રી સ્વામિનારાયણ ચરિત્ર રત્નાકર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણા માર્ગદર્શનથી આપણા અમદાવાદ મંદિરથી હરિભક્તોની ઘણા સમયની સંપ્રદાયના સાહિત્યની માંગને વાચા આપને શ્રી સ્વામિનારાયણ ચરિત્ર રત્નાકર ભાગ-૨નું સુંદર પ્રકાશન કરવામાં આવ્યું છે. દરેક હરિભક્તોએ આ પુસ્તક અવશ્ય વસાવવું અને તેનું વાચન-મનન કરવું.

પ્રાપ્તિ સ્થાન : સાહિત્ય કેન્દ્ર
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.

ષષ્ઠી પૂર્તિ મહોત્સવ પ્રસંગે 'આચાર્ય કીર્તિ સુધા'નું પ્રકાશન

પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવ પ્રસંગે અમદાવાદ મંદિર તરફથી પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી સંપ્રદાયના ઘણા પ્રકાશીત અને અપ્રકાશીત શાસ્ત્રોનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. આપણા શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, જેતલપુર વાડીના પ્રધાનાચાર્ય પ.ભ. ડૉ. વાચસ્પતિ મિશ્રાએ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવ પ્રસંગે "આચાર્ય કીર્તિસુધા" નામક સંસ્કૃત શ્લોક રચિત પુસ્તિકા તૈયાર કરીને પ્રકાશીત કરી તેનું ઉત્સવ પ્રસંગે વિમોચન કરવામાં આવ્યું હતું. જેનું અનુવાદન શ્રી નરેન્દ્ર પંડ્યાએ કર્યું છે. જે પુસ્તિકા ખરેખર અદ્‌ભૂત છે. આપણા અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્રપરથી મળશે. *(કોઠારી સ્વામી)*

"નિંદત નહિ કોઇ"

- મહંત સ્વામી ભક્તવત્સલદાસજી (લીંબડી)

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સ્વમુખે કહેલું છે. કોઇ પણ ની નિંદામાં ઉતરવુ નહિ. કોઇ વ્યક્તિ સાથે ન બને તો તેને હાથ જોડી નમસ્કાર કરી દેવા. પણ તેની નિંદા કરવાથી શું મળવાનું ! અને તેમાંય જો દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદની નિંદાથી તમારો મનુષ્ય જન્મ નિરર્થક ગયો જાણવો.

આપણને ઠીક લાગે તો નમસ્કાર કરવા. નહીં તો ચાલતા થવું. પણ તે દેવની નિંદા તો ક્યારેય ન કરવી.

તીર્થની નિંદા પણ ન કરવી. શ્રધ્ધાળું સમય કાઢીને, પૈસા ખર્ચીને ભૂખ તરસ વેઠીને, હેરાન-પરેશાન થઈને યાત્રાએ જતા હોય છે. અમદાવાદ-વડતાલ-છપૈયા, મથુરા, જેતલપુર જેવાં **પવિત્ર યાત્રાનાં સ્થળોએ યાત્રાએ જાય અને જો ત્યાં સહેજ અગવડ પડે કે તુરત જ પોતાની શ્રધ્ધા ગુમાવી બેસે અને જે તે તીર્થસ્થાનની નિંદા કરવા મંડી જાય. માટે કોઇ દિવસ કોઇપણ તીર્થ સ્થાનની નિંદા ન કરશો.**

પતિવ્રતા સ્ત્રીની નિંદા પણ ન કરવી. જે સ્ત્રી પોતાના ધર્મમાં રહેતી હોય, પતિવ્રતા ધર્મ પાળીને ધર્મ અને કર્મથી પોતાની ફરજ અદા કરતી હોય એવી સ્ત્રી તો ખરેખર મહાન છે. ભજન-ભક્તિ કરતી પતિવ્રતા સ્ત્રીની ક્યારેય નિંદા ન કરશો.

દેવતા-તીર્થ અને પતિવ્રતાની જેમ બ્રાહ્મણની પણ નિંદા ક્યારેય ન કરવી. કારણ કે વર્ષો પહેલાં આપણા દેશ પર, આપણી સંસ્કૃતિ પર જ્યારે જ્યારે હુમલા થયા ત્યારે ત્યારે પોતાની જીંદગીને હોડમાં મુકીને બ્રાહ્મણોએ આ દેશનું આપણી સંસ્કૃતિનું રક્ષણ કરેલ છે. માટે બ્રાહ્મણોની નિંદા ક્યારેય ન કરવી.



સાધુ પુરૂષોની પણ નિંદા ન કરશો. જેઓ સાધુ સંતોની નિંદા કરે છે. તેમને યમરાજા પણ સ્વીકારતા નથી. આવા નિંદા કરનારા વ્યક્તિને યમરાજા યમપુરીમાં પ્રવેશવા ન દેતાં બારો બાર નરકકુંડમાં નાખવાની આજ્ઞા આપે છે. યમરાજા કહે છે કે આવા જીવો મારી યમપુરીને અભડાવશે. કારણ કે તેઓએ સાધુ સંતોની નિંદા કરેલ છે. સાધુ સંતની નિંદા મનુષ્યનું આયુષ્ય ઘટાડે છે.

સાધુને પોતાની પાસે પોતાનુ પુણ્ય કે પાપ રહેતા નથી. કારણ કે કોઇ તેમની નિંદા કરે તો તેમનું પાપ લઇ જાય છે અને કોઇ તેમને નમસ્કાર વંદન કરે તો તેમનું પુણ્ય લઇ જાય છે.

હવે છેલ્લે વેદની નિંદા ન કરવી. વેદને અનુસરનારાં શાસ્ત્રો જેવા કે ઉપનિષદો, મહાભારત, ભાગવત, રામાયણ, ગીતા વગેરેની નિંદા કરવી નહિ, કોઇપણ સંજોગોમાં કોઇપણ શાસ્ત્રની નિંદા કરાય નહીં. મહાભારત કહે છે કે સાધુ સંત ગુરુની નિંદા અને શાસ્ત્રનું ખંડન આ બે મોટામાં મોટા પાપ છે. આવા પાપથી બચે તે મનુષ્ય મોક્ષપદને પામે છે.

વ્હાલા ભક્તો મૂળ સિધ્ધાંત વાળો આપણો સંપ્રદાય તેની નિંદા ટીકા કરી પોતાનો અહ્મ પોષવા માટે ઠગ ધૂતારા સાધુ પોતાના ઉભા કરેલા સંપ્રદાયમાં જોડવા માટે આગ્રહ કરે તો તેમનાથી સો ગાઉ દૂર રહી સાચો સિધ્ધાંત અને દેવ, આચાર્ય, સંત, શાસ્ત્રને પકડી રાખવા. એજ અભ્યર્થના.

વાહ જોધા ભરવાડની સમજણ !!

-રસિકભાઈ રામજીભાઈ ગોળવિયા (હીરાવાડી-બાપુનગર)

ભગવાનશ્રી સ્વામિનારાયણ કાઠી, કણબી, મોચી, ખોજા, ઘાંચી, કોળી, વાઘરી-ભરવાડ-રબારી જેવી કોમનો પણ ઉધાર કર્યો છે. મુમુક્ષુ આત્મા ભરવાડ જ્ઞાતિનો એક જોધો ભરવાડ હતો. જે દાદાના દરબારમાં (ગઢપુર) રહીને દાદાની ગાયો-ભેંસો ચરાવતો. ગાયો ભેંસોનું દૂધ દોહીને દરબારમાં શ્રીજી મહારાજ અને સંતહરિભક્તોને કામમાં આવતું.

ભલે ગાયો ભેંસો ચરાવતો, વગડામાં વિસરતા, જોધાને મહારાજનો કેફ ભારે હતો. મહારાજને જ સર્વસ્વ સમજતો અને તેને મહારાજનો એટલોતો કેફ હતો કે મહારાજની મારા ઉપર એટલી તો કૃપા છે કે કાળ, કર્મ માયાનો પણ ભાર નથી કે મને કાંઇ કરી શકે ! આવી ઉંચ સમજણ જોધામાં હતી. દાદા ખાચરની ગાયો ભેંસો ચરાવે અને લક્ષ્મીવાડીએ રહે. મહારાજ અને સંતો લક્ષ્મીવાડીએ સવારના કે સાંજના પધારે ત્યારે જોધો દર્શન કરી કૃતાર્થ થતો. મોટેરા સંતો મહારાજની અને સત્સંગની વાતો કરે તે જોધો પાછળ આવીને બેસીને સાંભળે.

એક સમયે જોધા ભરવાડને ખૂબ જ તાવ આવ્યો. અઠવાડિયા સુધી તાવ હટવાનું નામ લેતો નથી. કદાવર જોધો શરીરે અશક્ત થઈ ગયો. હવે પડખું પણ ફરવાના હોંશ નથી. આંખો પણ માંડ માંડ ઉઘડે છે. તેવો શરીરે અશક્ત થઈ જોધાને લાગ્યું કે હવે અંતકાળ નજીક આવ્યો લાગે છે. તેથી જોધાએ પોતાની પાસે ઉભેલા ગોવિન્દ વાણંદને કહ્યું તું અબઘડી દરબારમાં જા અને મહારાજને ખબર આપ કે તમારો જોધો ઘડી બે ઘડીનો મેમાન છે. હવે જોધો રહેશે નહીં. તો આપ દર્શન દેવા પધારો અને જોધાનો અંતકાળ સુધારો. વાણંદ ઉપડ્યો મહારાજને ખબર આપવા.

આ બાજુ કાળ જોધા સામે આવીને ઉભો રહ્યો. જોધાએ પૂછ્યું તું કોણ છે? યમદૂતે કહ્યું હું કાળ છું. તને લેવા આવ્યો છું. પણ જોધો તાડુકીને બોલ્યો હે કાળ પુરુષ તારી તાકાત નથી કે મને લઇ જઇ શકે. મારૂ ધ્યાન રાખવા વાળા મારા ઇષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ છે. ત્યારે કાળ કહે તો તારા ભગવાનને મળવું હોય તો મળી લેજે. કાલે ફરી પાછો હું તને લેવા આવીશ. જેમ તને તારા ઇષ્ટદેવનો કેફ છે. જે તારા ભગવાન છે. તેમ મારા પણ નિયંતા છે તે મારા પણ ભગવાન છે. મારે પણ તેની આજ્ઞામાં જ હંમેશા વર્તવાનું હોય છે. તેમ કહી કાળ ચાલ્યો ગયો.

ગોવિન્દવાણંદે સમાચાર આપતા મહારાજ તત્કાળ ઘોડીએ ચડીને સંતો પાર્ષદો સાથે લક્ષ્મીવાડીએ જોધાને દર્શન આપવા પધાર્યા. જોધો તાવમાં ખાટલામાં તરફડતો હતો. મહારાજ જોધા સામે જોઈને ઉભા છે. જોધાનું અશક્ત શરીર જોઇ રહ્યાં છે. જોધો મહારાજને હાથ જોડી પલંગમાં પડ્યો થકો વંદન કરે છે. મહારાજ રાજી થતા જોધાના શરીરે હાથ ફેરવે છે. અને પછી હાથ માથા ઉપર મુકીને હેતથી પૂછે છે "જોધા શી ઇચ્છા છે ?"

જોધાએ કહ્યું મહારાજ ! આજ મને કાળ લેવા આવ્યો હતો. પરંતુ આવતી કાલે ફરી આવવાનું કહીને ગયો છે. પરંતુ હે મહારાજ ! મારી ઇચ્છા હજુ વધુ જીવવાની છે અને તમારા ચરણ કમળની સેવા કરવાની છે. મહારાજ કહે જોધા હજુ વધુ જીવવાની વાસના છે. જોધો કહે મહારાજ વાસનાતો છે પણ સંસારની વાસના નથી. પણ શુભ વાસના છે. મહારાજ ! આપની સેવાથી હજુ મન ભરાયુ નથી. તો હજુ જીવતદાન આપો તો આપના ચરણ કમળની મનભરી સેવા કરી લઉં.

મહારાજ જોધાની સમજણને જોઇ રહ્યા ! અને જોધા સામું જોઈને બોલ્યા જોધા ! ગાયો ભેંસો ચરાવતા ચરાવતા અને વગડાનો વા ખાતા આવું બધું ક્યાંથી શીખ્યો ?

ત્યારે જોધો બોલ્યો મહારાજ હું તો જાડી બુધ્ધિનો માણસ. પણ આ બધું મને મુક્તાનંદ સ્વામીએ શીખવ્યુ. જે સાંભળતા મહારાજની આંખમાં કરૂણા ઉપસી અને મહારાજ બોલ્યા : હે જોધા

(અનુસંધાન પાના નં ૧૯ ઉપર)

અનન્ય અતૂટ શ્રધ્ધા અને પરચો

- ચંદુભાઈ કે. પટેલ (અમદાવાદ)

આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી સ્વામિનારાયણ સત્ય છે ને સાર્થક કરતા ઘણા પ્રસંગો આજે બને છે. તેવો જ એક પ્રસંગ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ચરણોમાં શ્રીજી મહારાજની પ્રેરણાથી રજૂ કરવાનો શુભ વિચાર આવતાં રજૂ કરવા નમ્ર પ્રયાસ કરેલ છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની ષષ્ઠી પૂર્તિ નિમિત્તે પારાયણ વખતે પધારેલા ગુજરાત રાજ્યના માનનીય મંત્રી શ્રી ચુડાસમા સાહેબની ઓળખાણ આપતી વખતે પૂ. પી.પી. સ્વામીએ નર્મદા બંધની ઊંચાઈ બાબતે કોર્ટમાં અટવાઈ ગયેલ પ્રશ્નનો વહેલી તકે નિર્ણય થાય તે માટે આશીર્વાદ આપવા જે તે વખતે ચુડાસમા સાહેબે આચાર્ય મહારાજશ્રીને કરેલ વિનંતીનો સ્વીકાર કરી તે બાબતે કરેલ કાર્યવાહી ની વિગત જણાવેલ હતી.

તે સમયે ચુડાસમા સાહેબે ષષ્ઠી પૂર્તિ પ્રસંગને અનુરૂપ વાત કરતી વખતે જણાવેલ કે નર્મદા બંધની ઊંચાઈ બાબતે અટવાયેલ પ્રશ્નનો ઝડપી નિકાલ થાય તે માટે અમે કરેલ વિનંતીના અનુસંધાનમાં પૂજય આચાર્ય મહારાજશ્રીએ ફક્ત આશીર્વાદ આપીને સંતોષ માનવાને બદલે અંગત રસ લઈ જે કાર્યવાહી કરી હતી તેની વિગતવાર માહિતી જણાવી હતી.

તેઓશ્રીએ જણાવેલ કે નર્મદાબંધની ઉંચાઈનો પ્રશ્ન ઘણાં વર્ષોથી કોર્ટમાં અટવાઈપડેલ હતો અનેક પ્રયત્નો કરવા છતાં કોઈ પરિણામ આવતુ નહતું. આથી કામનો ઝડપી નિકાલ થાય તે માટે આશીર્વાદ આપવા તેઓશ્રીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને વિનંતી કરી હતી. આચાર્ય મહારાજશ્રી એ આશીર્વાદ આપ્યા એટલું જ નહીં પરંતુ નર્મદા બંધના સ્થળે જઈ શ્રીજી મહારાજે પૂજેલ તે પરંપરાના શાલીગ્રામનો અભિષેક અને પૂજા કરી તેમજ પૂજાનું અતિ પવિત્ર જળ નર્મદામાં પધરાવ્યું. **ત્યારબાદ ટુંક સમયમાંજ ચમત્કાર થયો હોય તેમ કોઇએ કલ્પના પણ ન કરી હોય તેવા ઐતિહાસિક અને ગુજરાત માટે અતિ લાભદાયક સુપ્રિમ કોર્ટનો ચુકાદો આવ્યો. જેથી ગુજરાતના દરેક નાગરિકને અતિ આનંદ થયો અને સમસ્ત ગુજરાતી જનો આનંદવિભોર બની ગયા.**

ચુકાદો આવ્યા બાદ અનેક સંતો, ભક્તો તેમજ સદ્‌ગૃહસ્થો સહિત પૂ. આચાર્ય મહારાજશ્રીએ નર્મદાબંધના સ્થળે જઈ શ્રીજીમહારાજની પૂજા અર્ચના કરી. નર્મદા નીર વધાવ્યુ અને સમૂહ સ્નાન કર્યુ. તે સમયે પૂ. આચાર્ય મહારાજશ્રીએ નર્મદામૈયાની મૂર્તિનું બંધના સ્થળે સ્થાપન કરવા સૂચન કર્યુ. તેનો સરકારશ્રીએ સહર્ષ સ્વીકાર ક્યો અને તે પ્રમાણે નર્મદા મૈયાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી.

ઉપરોક્ત પ્રસંગ મોટા ભાગે સૌને સામાન્ય પ્રસંગ લાગે. પરંતુ લાંબી દ્રષ્ટિ કરશો અને ઈતિહાસ જોશો તો આ પ્રસંગ કુંડાળ ગામના કલાભગતના લોખંડના ધગધગતા ગોળાના પરચા જેટલો જ અતિ મહત્વનો અને કોઈએ કલ્પના ન કરી હોય તેવો ગણાય.

આ જમાનામાં જે તે વ્યક્તિને ખાનગીમાં આશીર્વાદ આપનાર ઘણા મહાપુરૂષો અને સાધુ સંતો હશે. પરંતુ આટલા મોટા વિવાદી મુદ્દા માટે જાહેરમાં સફળતા ઇચ્છવી અને આશીર્વાદ આપવા તે કોઈ સામાન્ય વાત નથી. આ મહા ભગીરથ કામ છે. આવું ભગીરથ કાર્ય કરવાનું એજ વિચારી શકે જેમને પોતાનામાં આત્મવિશ્વાસ હોય. અને શ્રીજી મહારાજ પ્રત્યે અનન્ય અતૂટ શ્રધ્ધા હોય તેવા શ્રીજી મહારાજના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સિવાય કોઈ હિમંત તો શું પણ વિચાર સુધા પણ ન કરી શકે તેવું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અદ્‌ભુત કાર્ય કર્યુ અને ચમત્કાર કરી બતાવ્યો. આ પ્રસંગને અનન્ય અતુટ શ્રધ્ધા અને પરચો કહેવો કે ચમત્કાર તે નક્કી કરવું અતિ કઠિન છે.કારણ કે આવા હળાહળ કલિયુગમાં આનાથી વિશેષ ચમત્કાર કે પરચો કોઈ હોઈ શકે ખરો ?

સત્સંગ

-નટવરલાલ બાજીદાસ પટેલ (વિહારવાળા)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વીલોકમાં મનુષ્ય અવતાર ધરી અનેક જીવોનો મોક્ષ કરેલ છે. જીવનો મોક્ષ કરવો એ કંઈ સાધારણ બાબત નથી . શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તોનું આત્યાંતિક કલ્યાણ કરવા માટે સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી અને પોતે શિક્ષાપત્રી વચનામૃત જેવા ઘણા ઊપયોગી ધર્મશાસ્ત્રોની રચના કરી અને પોતાના એકાંતિક સંતો દ્વારા સત્ત ધર્મનું સ્થાપન કર્યુ અને સત્સંગની સ્થાપના કરી આપણા સંપ્રદાયના આશ્રિતજનો સત્સંગી તરીકે ઓળખાય છે. તો સત્સંગ એટલે શું ? તે આપણે જાણવું જોઈએ. શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે કે : શ્રી કૃષ્ણ ભગવાનની ભક્તિ અને સત્સંગ વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. (શિ. શ્લોક નં. ૧૧૪) માટે વિદ્યાદિક ગુણવાળાનું એજ પરમ ફળ જાણવું ક્યું તો :-

શ્રી કૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ અને સત્સંગ કરવો.

શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણને સત્સંગનું કેટલું મહત્વ છે તે, સત્ત શાસ્ત્રો દ્વારા સમજાવે છે. પ્રત્યક્ષ પરમાત્મા અને પ્રત્યક્ષ પરમાત્માના એકાંતિક સંતો અને ભક્તોની ઓળખાણ અને તેમનું માહાત્મ્ય સત્સંગથીજ સમજાય છે. સત્સંગ તો સર્વ સાધનના ફળ રૂપ છે. અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ કરાવનાર છે. એ સત્સંગ પ્રત્યક્ષ પરમાત્માને વશ કરવાનું અમોઘ સાધન છે. ભગવાનશ્રી કૃષ્ણચંદ્ર કહે છે :-

અષ્ટાંગ યોગ, સાંખ્યવિચાર, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, વ્રત, યમ,નિયમ યજ્ઞ, વેદાધ્યયન, મંત્ર, તીર્થ અને જપ વગેરે કરીને જેવો વશ થતો નથી તેવો આ સંસારની આસક્તિ ટાળનાર "સત્સંગે" કરીને વશ થાઉં છું. (શ્રીમદ્ ભાગ. સ. ૧૨ શ્લોક ૧-૨)

સત્સંગનું આટલું બધું ગૌરવ છે તો સત્સંગ શું ? એનો વિચાર આપણે અવશ્ય કરવો જોઈએ. સત્સંગ એટલે કેવળ સારા માણસોનો અથવા નીતિમાન કે ગુણવાન, ધાર્મિક માણસોનો સંગ એમ નહિ પણ...

સત્ત શબ્દથી સત્ય સ્વરૂપ એવા પ્રકટ પ્રમાણ પરબ્રહ્મ પરમાત્મા. સમજવા તેમજ તે પરમાત્માની દ્રઢ ઉપાસનાવાળા આશ્રિત સાધુ પુરુષો ને પણ સમજવા. કારણ કે તેવા સાધુ પુરુષોને સત્ત પુરુષો કહેલા છે. વળી સત્ત શબ્દથી સત્ય સ્વરૂપ પરમાત્માને સત્ય સ્વરૂપ સાધુપુરુષોની વાણીરૂપ ભાગવત ધર્મ એ ત્રણના સ્વરૂપનું નિરૂપણ કરનારું જે શાસ્ત્ર તે આ ચાર સત્ત સ્વરૂપનો સંગ તે જ સત્સંગ કહેવાય. (સત્સંગિજીવન પ્ર. ૩ અ. ૨૨ શ્લોક -૪) તદુપરાંત :- દેશ, કાળ ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા અને મંત્ર એ સાત જે સત્ત શબ્દથી કહ્યાં હોય અર્થાત સત્તદેશ, સત્તકાળ, સત્તક્રિયા, ઈત્યાદિ સત્તનો સંગ તે પણ શ્રેષ્ઠ મુનિઓએ સત્સંગ માનેલો છે. (સત્સંગિજીવન પ્રકરણ ૩ અધ્યાય-૨૬ શ્લોક-૨૭)

વચનામૃતમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સત્સંગની વ્યાખ્યા સૂત્ર ભાષામાં વળી એમ કહી છેઃ- સત્ય સ્વરૂપ એવો જે પોતાનો આત્મા તથા સત્ત સ્વરૂપ એવા પરમાત્મા તેનો સંગ તે સત્સંગ કહેલો છે.

પ્રત્યક્ષ પરમાત્મા કે પ્રત્યક્ષ ભગવાનના સંત મુમુક્ષુને મળે ને તેમની ઓળખાણ થાય તો તેણે એમ સમજવું કે હવે હું આત્યંતિક કલ્યાણ (મોક્ષ) ના માર્ગે છું. તો મારો મોક્ષ થવાનો જ. જેમ રેલ્વે ગાડી કે વિમાનમાં નિયમ મુજબ ટિકિટ અને પાસપોર્ટ લઈને બેઠા હોય ને તે ઉપડ્યા પછી કોઈ પૂછે "એ ભાઈ ક્યાં ગયા ? તો એ મક્કમતાથી કહેશે કે. મુંબઈ, દિલ્હી, ઈગ્લેન્ડ કે અમેરિકા. જે નિયત સ્થળે જવાનું હશે તે સ્થળે ગયા. જો કે તે ગાડી કે એરોપ્લેન બીજે સ્ટેશન કે એરપોર્ટ પણ ન પહોંચ્યા હોયઃ- કારણ કે તે ટિકિટ કે પાસપોર્ટ લઈને નિયમ મુજબ બેઠા છે. એટલે તે નિશ્ચિત છે કે ગાડીકે એરોપ્લેન ઉપડ્યું એટલે દરેકને ખાત્રી થાય છે કે હવે તે નિયત સ્થળે પહોંચવાના

જ. તેવી રીતે પ્રત્યક્ષ ભગવાન કે તેમનાં સંત મળે અને એમની ઓળખાણ થાય, એમની આજ્ઞા પ્રમાણે વર્તન કરે. દ્રઢ વર્તમાન પાળે ત્યારે સમજવું કે એનો મોક્ષ થવાનો જ. પછી જેવી મુમુક્ષુની શ્રધ્ધા. જો મંદ શ્રધ્ધા હોય તો જન્માંતરે આત્યંતિક કલ્યાણ થાય. અને તીવ્ર શ્રધ્ધા હોય તો સદ્ય સાધન સમાપ્તિ થાય. એટલે કે આને આ જન્મે મોક્ષ થાય.

શ્રી સ્વામિનારાયણ ભગવાન વચનામૃતમાં કહે છે : **અમને તો એમ ભાસે છે. જે પૂર્વ જન્મનો સંસ્કાર કે સત્સંગ હશે તે પણ સત્ત પુરુષને યોગે કરીને થયો હશે, અને આજ પણ જે સંસ્કાર કે સત્સંગ થાય છે તે સત્તપુરુષને યોગે કરીને જ થાય છે. માટે એવા સત્તપુરુષનો સંગ પ્રાપ્ત થયો તો પણ જેને જેમ છે તેમ સમજાતું નથી. તેને અતિશય મંદ બુધ્ધિવાળો જાણવો.** શા માટે ? જે જેવી શ્વેત દ્વિપમાં સભા છે ને જ્વી ગોલોક - વૈકુંઠલોકને વિષે સભા છે. જેવી બદ્રિકાશ્રમને વિષે સભા છે. તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું. અને સર્વ હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું. એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોયતો આ સંત સભાના સમ છે. તે સમ શા સારું ખાવા પડે છે. જે સર્વને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી તે સારું સમ ખાવા પડે છે. અને બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે. તેનું કારણ એ છે જે જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતિતિ છે. તેવી પ્રત્યક્ષને વિષે દ્રઢ પણે થતી નથી. તે શ્રુતિમાં કહ્યું છે:- "જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતિતી

આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે. તેનું કારણ એ છે જે જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતિતિ છે. તેવી પ્રત્યક્ષને વિષે દ્રઢ પણે થતી નથી.

છે તેવી જો પ્રત્યક્ષ ગુરુ રૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યાં છે. તેટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે અને જ્યારે આવો સંત સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમ પદ કહીએ - મોક્ષ કહીએ તેને છતે દેહેજ પામ્યો છે. (વચનામૃત ગઢડા છે. પ્ર -૨)

રામ-કૃષ્ણ-નરનારાયણ, વાસુદેવ નારાયણ અને તે તે ધામના મુક્તો કરતાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણના મુક્તો અધિક છે. અક્ષરધામમાં જેવા પોતાના મુક્તો અતિશય પ્રકાશ યુક્ત છે. તેવા આ લોકમાં સત્સંગીઓને પોતે અતિશય પ્રકાશ યુક્ત દેખે છે. જેવી અક્ષરધામમાં મુક્તો સહિત સભા છે તેવી જ આ પૃથ્વી ઉપરની દિવ્ય સભા છે એમ કહી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ પોતાનું સર્વ અવતારના કારણ એવું સર્વોપરિ અવતારીપણું પ્રતિપાદન કર્યું છે. આવું અલૌકિક માહાત્મ્ય સત્સંગથી જ સમજાય છે.

હે ભક્તો ! આપણા તો અહો ભાગ્ય જાણો કે આપણને આવો દેવોને પણ દુર્લભ એવો સત્સંગ પ્રાપ્ત થયો છે. તો આ લાભ અને શુભ ચોઘડીયામાં આપણે આપણા આત્માનું કલ્યાણ કરી લેવું. ભગવાનનું જાણ પણું રાખી અખંડ સ્મૃતિ ભગવાનની મૂર્તિમાં રાખી ક્ષણે ક્ષણે ભગવાનને અંતરમાં યાદ કરવા એજ આપણું લક્ષ હોવું જોઈએ.

(પાના નં ૧૬થી ચાલુ)

તારું આયુષ્ય ખલાસ થયા આવ્યુ છે. પણ જા જોધા ભય પામીશ નહીં . બીક રાખીશ નહીં. હું તારી રક્ષા કરીશ. હજું વધારે હું તને ૩૦ વર્ષનું આયુષ્ય આપુ છું. હજુ તું ત્રીસ વર્ષ વધારે જીવીશ. તેમ કહેતા શ્રીહરિએ જોધાનું ૩૦ વર્ષનું આયુષ્ય વધારતો આશીર્વાદ આપી માથે હાથ મુક્યો. આ પ્રસંગ પછી જોધો ૩૦ વર્ષ સુધી વધારે જીવ્યો.

વાહ ! જોધાની શુભ વાસના અને સેવાની સમજણ !! વગડામાં વીસરતો ગાયો ભેંસો ચરાવતા જોધા ભરવાડ પર મહારાજની કૃપા અને મોટેરા સંતોના સમાગમ થી કેટલી ઉંચી સ્થિતિને પામ્યો. કદાચ મોટામોટા જ્ઞાનીઓને પણ આ સ્થિતિ પામવી અતિ મુશ્કેલ હોય છે. આવો જોધો ભરવાડ પછી ત્રીસ વરસ વધારે જીવ્યો અને મહારાજ અને સંતોની પરોક્ષ કે પ્રત્યક્ષ સેવા કરી. તદુપરાંત મહારાજના સ્વધામગમન પછી આચાર્ય મહારાજની તમજ સંતોની સેવા કરતા કરતા મહારાજ ના અખંડ સ્મરણ સાથે જોધો અક્ષ[illegible] ગયો.

જો માંગતા આવડે તો

શ્રીજી મહારાજ ગામ દદૂકાથી મછીયાવ જઈ રહ્યા હતા. ઉનાળાના દિવસો હતા. ચૈત્રી બપોર ધોમધખતો હતો. માર્ગમાંથી પસાર થતાં રસ્તામાં તરસ લાગી. ત્યાં એક ખેતર આવ્યું અને મહારાજ ઉભા રહ્યા. માણકી ઉપરથી હેઠે ઉતર્યા અને ખેડૂતને પૂછ્યું : "ભાઈ પીવાનું પાણી મળશે ?"

ખેડૂત તો રાજીનો રેડ થઈ ગયો. અટાણે મારા ખેતરે ભગવાન પધાર્યા ! કહે : "હા મહારાજ ! આજે જ નવું માટલું ભર્યું છે. લો ધરાઈને પાણી પીવો." પટેલનું તો કામ થઈ ગયું. એણે મહારાજને ઠંડુ, અમૃત સમ પાણી આપ્યું. સાથે આવેલ સંતો અને કાઠી દરબારોએ પણ પાણી પીધું. બધાને ખૂબ ટાઢક વળી.

મહારાજ ખેડૂત ઉપર ખૂબ રાજી થયા. બોલ્યા : "માંગો પટેલ ! જે જોઈએ તે માંગી લો."

"બસ મહારાજ ! આપ અમ ગરીબના ખેતરે પધાર્યા. આપના આવા સુંદર દર્શન થયા. બહું આનંદ થયો. આ ખેતર છે તે ઘરમાં ખાવા પૂરતું મળી રહે છે. બીજું કાંઈ જોઈતું નથી. છતાંય જો આપણને આપવું જ હોય તો એક વરદાન આપો : આપની આ શ્વેતવસ્ત્રધારી અને છોગલાંવાળી મનોહર મૂર્તિ અમને જીવન પર્યંત અખંડ દેખાય એ વર આપો."

શ્રીહરિ ભક્તના આવા સાદા અને સંતોષી જીવન તથા ઉમદા વિચારોથી બહુ હરખાયા. "તથાસ્તુ" કહીને માતા જેમ બાળકના માથે હાથ મૂકે-તેમ પ્રેમથી માથે હાથ મૂક્યો.

બસ, તે દિ'થી એ ખેડૂતને શ્રીહરિની મૂર્તિ, આજીવન અખંડ દેખાવા લાગી.

ગઢપુરમાં ગોપીનાથજી મહારાજ પધરાવ્યા પછી કોઈક કુસંગીએ વ્રજેશીંગ મહારાજના કાન ભંભેર્યા ને કહ્યું : "સ્વામિનારાયણે તો ગઢપુરમાં કોઠો કર્યો છે ને તેમાં દારુગોળો ભર્યો છે." પરંતુ દરબાર તો મહારાજમાં હેત વાળા હતા. તે જાતે શ્રીજી મહારાજને મળવા તથા મંદિર જોવા સારું ગઢપુર આવ્યા.

"બસ મહારાજ ! આપ અમ ગરીબના ખેતરે પધાર્યા. આપના આવા સુંદર દર્શન થયા. બહું આનંદ થયો. આ ખેતર છે તે ઘરમાં ખાવા પૂરતું મળી રહે છે. બીજું કાંઈ જોઈતું નથી. છતાંય જો આપણને આપવું જ હોય તો એક વરદાન આપો : આપની આ શ્વેતવસ્ત્રધારી અને છોગલાંવાળી મનોહર મૂર્તિ અમને જીવન પર્યંત અખંડ દેખાય એ વર આપો."

દરબાર પ્રથમ શ્રીજી મહારાજના દર્શને આવ્યા. મહારાજે એમનું પ્રેમથી સન્માન કર્યું. પછી મહારાજ તથા વ્રજેશીંગજી બંન્ને ગોપીનાથજીના દર્શને ગયા. શ્રીહરિ આથમણી કોરના દરવાજે ઉભા રહ્યા અને વ્રજેશીંગજી ને કહ્યું : "દરબાર જુઓ ! તમને કોઈક ભરમાવતું હશે કે સ્વામિનારાયણે કોઠો કર્યો છે. પણ જુઓ, અમે તો ગોપીનાથજી મહારાજ દેવને આપના રાજ્યમાં પધરાવ્યા છે." તે સાંભળી દરબાર બોલ્યા : "મહારાજ ! જે કોઈ પાજી પલાવ ભલે ગમે તેમ બોલતા હોય, પણ અમારા રાજ્યમાં જ્યારથી આપે ગોપીનાથજીને પધાવ્યા છે. તે દિવસથી અમારી તો ચઢતી ને ચઢતી કળા છે."

તે પછી ગોપીનાથજીની સેવામાં રહેતા આનંદાનંદ બ્રહ્મચારી સ્વામીએ મોટો પતાસાનો થાળ મહારાજ સમક્ષ મૂક્યો. મહારાજે હાથ અડાડી તે થાળ દરબાર ને આપ્યો. બ્રહ્મચારી એ પછી બે હાર મહારાજને તથા એક હાર દરબારને પહેરાવ્યો.

પછી મહારાજ દરબારનો હાથ ઝાલીને તેમને મંદિરમાંથી ઉગમણે દરવાજે લઈ ગયા.

સાક્ષાત્ ભગવાનનો સ્પર્શ થતાં જ વ્રજેશીંગના તન-મનમાં આનંદની લ્હેરખી વ્યાપી ગઈ ! તૂરત જ બોલ્યા : "મહારાજ ! બસ હવે આમ ને આમ અમારો હાથ કાયમ ઝાલી રાખજો."

મહારાજ મંદ મંદ હસ્યા અને બોલ્યા : "અમે તો ઝાલવાજ આવ્યા છીએ અને ઝાલી રાખીશું, જો તમે નહીં મૂકાવો તો !" કેટલું સુંદર માંગી લીધું. એક અદના ખેડૂતે અને એક ભાવનગરના મહારાજાએ. એકે મહારાજની મૂર્તિ અને બીજાએ મહારાજનો હાથ-સદાને માટે માંગી લીધા.

શ્રીહરિ તો સ્નેહના ભૂખ્યા છે. માંગવાની રીત જો આવડી તો બસ આને આ દેહે જ કલ્યાણ છે !!

અસ્થિ વગરનો દેહ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક



રાતને દિવસ ખેંગાર સિંધવને એક જ વિચાર આવે છે. આવું હોય ખરું ? જો હોય તો તે ભારે અચરત કહેવાય ! આવું તો કંદિ જોયું યે નથી અને સાંભળ્યું યે નથી. પણ નજરે જોનારાએ પોતે અનુભવેલ, જાતે તપાસ કરેલ બાબત છે એટલે ખોટું હોય એમેય મનાય નહિ. ખેંગાર સિંધવનું મન અચંબામાંથી બહાર આવતું નથી. દિવસ ભરની પ્રવૃત્તિમાંથી પરવારીને રાત્રે ફળિયામાં સૂવે છે. ખૂલ્લા આકાશ સામે જૂએ છે. હાથમાં જપ માળા ફરતી જાય છે. એમાં હરિ સ્મરણને પણ હટાવી દે એવો આ વિચાર માનસ પર છવાઈ જાય છે. અને પછી એ ઘટમાળમાં ખોવાઈ જાય છે. રૂપોભાઈ કહે છે એવું હોય તો માણસ કામ જ ન કરી શકે, પણ મહારાજને તો મેં કામ કરતા જોયા છે. ફૂલ સૂંઘતા જોયા છે, માળા ફેરવતા જોયા છે, રસોઈ કરતા જોયા છે. જમતા જોયા છે. પંક્તિમાં તાસકલઈને પિરસતા જોયા છે. ઘોડે ચડતા જોયા છે. ભક્તોને બાથ ભીડીને ભેટતા જોયા છે. આવા બધાં કામ મજબૂત હાથ વિના થાય શી રીતે ?

પણ આ બાબત શું હતી ? રૂપાભાઈએ એવી તે કઈ વાત ખેંગાર સિંધવને કરી હતી કે તે આટલા બધા પ્રભાવિત થઈ ગયા હતા ?

ખેંગાર સિંધવ ખોલડિયાદમાં રહે. રૂપાભાઈ ક્ષત્રિય ભાવનગરમાં રહે. બંને શ્રીજી મહારાજના કૃપાપાત્ર હતા. અવાર નવાર પરસ્પર મળતા. સત્સંગના સમાચાર જાણતા. શ્રીહરિ તથા સંતોના દર્શન સમાગમની વાતો કરતા અને છૂટા પડતા. એક વખત કોઈ પ્રસંગે બંને ભેગા થયા ત્યારે રૂપાભાઈએ વાત કરી.

ખેંગારભાઈ ! આજે તો તમારા આશ્ચર્યની અવધિ નહિ રહે એવી વાત તમને કરવી છે ! સાંભળો. એ વખતે હું મહારાજની સાથે હતો. વગડાની વાટે અમે ચાલ્યા જતા હતા. ત્યાં ભાવનગરનો દીવાન આવે છે એવા સંકેત અમને મળ્યા. મહારાજ તો મનુષ્યની માફક બીવા લાગ્યા . મને કહે ચાલો આપણે આ જારના ખેતરમાં સંતાઈ જઈએ અમે ઉભા સાંઠાની વચ્ચે માંગ કરતા કરતા વચમાં જઈને સંતાઈ ગયા. પછી અચાનક મહારાજ કહે મારા હાથમાં કળતર થાય છે તો હાથ દબાવો.

મેં હાથ દાબવા માંડ્યા તો એકદમ સુંવાળા અને પોચા પોચા લાગ્યા. મહારાજ કહે એમ નહિ. મને કળતર બહુ થાય છે. તમે હાથને વળ દિયો.

મેં કહ્યું વળ ન દેવાય. હાથ ભાંગી જાય.

મહારાજ કહે એની ફિકર રાખો મા. નહિ ભાંગે. મેં હાથને જરાક મરડ્યો. તો કહે એમ નહિ ખૂબ વળ દિયો.

બહુ વળ ન દેવાય મહારાજ ! હાડકાં ભાંગી જાય તો નકામી પીડા ઊભી થાય. એમ કહીને મેં હાથ થોડો વધુ મરડ્યો.

હાડકાની ચિંતા ન કરો. અમારું કળતર મટાડો. તમારામાં જેટલું બળ હોય તેટલો વળ આપો.

પછી તો આપણે નાહીને પલાળેલું

ધોતિયું જેમ વળ દઈને બે હાથ નીચોવીએ એ રીતે બે હાથે કરીને મહારાજના હાથને ખૂબ વળ દીધો. હું તો અવાક્ થઈ ગયો. મને લાગ્યું કે મહારાજના હાથમાં હાડકું જ નથી ! તમે જ કહો હાડકા વગરનો હાથ હોય ખરો ? આવો અદ્‌ભુત અનુભવ મને થયો. વળી એ હાથ માણસને હોય છે તેવો પંચભૂતનો નહિ પણ કોઈ અલૌકિક તત્વનો બનેલો ! આશ્ચર્ય ઉપજાવનારો અને બેહદ સુખ આપનારો હતો. આવો ચમત્કાર મારી જીંદગીમાં મેં પ્રથમવાર અનુભવ્યો.

ભારે જબ્બર વાત કરી તમે ! માન્યામાં ન આવે એવો પરચો ભગવાને તમને આપ્યો. ખેંગાર ભગતનું હૈયું હરખથી ઉભરાઈ ગયું.

બસ તે દિવસથી આ ચમત્કારિક પ્રસંગ એમના મગજમાંથી ખસે નહિ. હાડકા વિનાના હાથ વડે કામ કેવી રીતે થાય ? વળી હાથમાં હાડકું નથી તો બીજા અંગો - માથું, પેટ, પગ-એમાં પણ નહિ હોય કે શું ? એનો પ્રત્યક્ષ પુરાવો લેવા ભગત એકવાર ગઢડે ગયા. શ્રીજી મહારાજનાં ધારી ધારીને દર્શન કર્યાં. પણ એ તો માણસ જેવા માણસ જ દેખાય. હાડ માંસ ને ચામડાનો દેહ - સામાન્ય માણસને હોય તેવો જ લાગે.

શ્રીહરિ ભકત કલ્પદ્રુમ છે. ભક્તવત્સલ છે. ભક્તોના સંકલ્પ પૂર્ણ કરે છે. એવી એક તક - મનોરથ સિધ્ધ કરનારી તક એમને મળી ગઈ. મહારાજ અક્ષર ઓરડીમાં આડે પડખે થઈ આરામ કરતા હતા. એ વખતે ખેંગાર ભગત પહોંચી ગયા. શ્રીજી મહારાજના પગ દાબવા લાગ્યા. પગ દાબતા જાય તેમાં વચ્ચે વચ્ચે આંગળીઓથી દાબી દાબીને હાડકું છે કે નહિ તેની તપાસ કરતા જાય.

પટેલ અમારા પગમાં શું જુઓ છો ? શ્રીજી મહારાજે પૂછ્યું.

મહારાજ ! મને એકવાર ભાવનગરવાળા રૂપા ભાઈએ કહ્યું હતું કે મહારાજના શરીરમાં હાડકું જ નથી. તો હું એ જોઉં છું કે પગમાં હાડકું છે કે નહિ ?

હાડકા વગરનો દેહ હોય ખરો ?

મહારાજ ! પગમાં તો કોઈ હાડકું દેખાતું નથી.

એમ તે હતું હશે ? અમારા ઢીંચણ જુઓ, એમાં ઢાંકણી છે તે હાડકાની બનેલી હોય.

મહારાજ ! ઢીંચણ તો રૂપાળા રેશમ જેવા સુંવાળા છે. રૂ જેવા પોચા છે. હાડકું ક્યાંય નથી.

તો અમારા આ હાથની કોણીઓ જુઓ. એ તો કઠણ હોય અને તેમાં હાડકું હોય જ.

ખેંગાર સિંધવે કોણીઓ તપાસી. મહારાજ કોણીમાંયે હાડકું નથી.

અમારું માથું જુઓ. એમાં તો હાડકાની કઠણ તુંબડી હોય. ભગતે મહારાજનું મસ્તક દાબી દાબીને તપાસ્યું. તેમાં પણ હાડકું ક્યાંય જણાયું નહિ. પછી બોલ્યા હે પ્રભો ! આપનો સમગ્ર દેહ દિવ્ય છે. અમાયિક છે. અલૌકિક છે. એમાં પંચભૂતના દેહની ભાવના કરવી એ અમારું અજ્ઞાન છે.

ખેંગારભાઈ ! પ્રત્યક્ષ ભગવાનની જે મૂર્તિ અને બીજા જે માયિક આકાર એ બેયને વિશે તો ઘણો ફેર છે. પણ જે અજ્ઞાની અને અતિશય મૂર્ખ છે તે તો ભગવાન અને બીજા માયિક આકારને સરખા જાણે છે. શ્રીહરિએ પ્રસન્નતા દાખવતાં કહ્યું.

હા, બાપા સાચી વાત છે. પણ અમે સંસારી જીવડા ને માયા નડી જાય છે. ખેંગાર સિંધવને આજે પોતાનું જીવન સાર્થક થયેલું લાગ્યું.

શ્રીહરિ એકવાર જામનગર જિલ્લાના લાખાણી ગામે પધાર્યા. સુથાર વીરજીને ફળિયે ઉતારો રાખ્યો. સાંજને સમે ફળીમાં લીંબડા નીચે બેસી વાતો કરતા હતા. સંધ્યા સમય થયો એટલે આરતી કરી. તે દિવસે દરબાર કાંથડજીનો થાળ હતો. તેથી ત્યાં જમવા ગયા. જમી આવીને પાછા વીરજી સુથારને ઘેર ઢોલિયા ઉપર આડે પડખે થયા. વીરજીભાઈ પગ દાબવા લાગ્યા. દરબાર કાંથડજી પણ આવ્યા. પગ દાબતાં દાબતાં કંઈક વાત નીકળી એટલે કાંથડજીએ કહ્યું કે મહારાજ અમારા ગામમાં એક ગરાસિયાનું કુટુંબ છે. એમાં ચાર ભાઈઓ છે. તે ભીમ જેવા બળિયા છે. શરીરમાં કળતર થતું હોય, માથું દુઃખતું હોય, પગ દુઃખતા હોય તો સારી પેઠે દબાવીને મટાડી દે છે. વળી માથાભારે પણ ખરા. એની સામે કોઈએ વાદ કર્યો કે અડપલું કર્યું તો હાડકાના ભૂક્કા કરી નાખે.

ગામમાં હોય તો બોલાવો. અમારે શરીર દબાવવું છે. બળિયાનું બળ જોઈએ તો ખરા ! મહારાજે કહ્યું.

લ્યો ! મહારાજ હું બોલાવી લાવું.

તમે રહેવા દો બાપું. હું જ આંટો મારી આવું. વીરજી સુથાર ઉભા થયા.

દરબાર, મારા ઘેર અમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે. તે પગ દાબતાં દાબતાં તમારી વાત નીકળી. કાંથડજીભા કહે ભારે જોરાવર અને બળિયા છે. અમારા મહારાજ કહે એમને બોલાવો તો અમારું શરીર દાબી આપે. તો ચાલોને બાપુ અમારા મહારાજનું શરીર કચરી આપશો ? વીરજી સુથારે કલ્યાણસિંહને પૂછ્યું.

ચારેય ભાઈઓ ખુશી થયા. તાકાતનો પરચો દેખાડવાની તક આવી છે. મહારાજ પણ ભલે જાણે કે કાંથડજી ખોટા વખાણ ન હોતો કરતો.

અભિમાન માણસને આડો પાડી દે છે. હાથી નદી-તળાવનું ઘણું પાણી પીવે છે. પણ અવાજ કરતો નથી. જ્યારે દેડકો ખાબોચિયાનું ગંદુ પાણી પીને પણ ડ્રાંઉ ડ્રાંઉ કરતાં થાકતો નથી. અભિમાન માણસને શેતાન બનાવે છે. અને નમ્રતા માણસને સાધુ બનાવે છે. કેટલાક ને તો "મારા જેવો નિરભિમાની અને નમ્ર કોઈ નહિ હોય" એ વાતનું પણ અભિમાન હોય છે. અભિમાનને અલગ કરવું અઘરું છે.

વીરજી સુથારની સાથે બધા મહારાજ પાસે આવ્યા.

તમે કહેતા હતા તે જ આ ભાઈઓ છે ને ? દરબાર કાંથડજી સામે જોતાં મહારાજે પૂછ્યું.

હા, મહારાજ, અમે જ છીએ. લાવો તમારું ડિલ કચરી દઈએ.

તમે ચારેય જણા અમારા શરીરને બળથી દાબી રાખો અને અમને ફરવા ન દિયો તો તમે બળિયા ખરા કહેવાઓ. શ્રીહરિએ તેમના અહંકારને ઉશ્કેર્યો.

મહારાજ ! ત્યારે તમારે તો અમારા બળના પારખાં લેવા છે ! આ તમારા મલોખા જેવા હાડકાં ભાંગી જશે તો વરહ દિ' સુધી માણકીએ ચડી નહિ શકો. પછી કે'તા નહિ કે કીધું નો'તું !

એની ફિકર રાખશો મા. તમ તમારે ચારેય જણા અમારું શરીર પૂરે પૂરી તાકાતથી દબાવો. અમે ફરી જઈએ છીએ કે નહિ તે જુઓ.

એલા નાના ! હાલો ત્યારે દબાવો. આપણે ય મહારાજનું પારખું લઈ લઈએ. આપણી પકડમાંથી કેવાક ફરે છે ખબર પડે.

એક જણાએ પગ દબાવ્યા. બીજાએ સાથળ દબાવ્યા. ત્રીજાએ છાતી અને હાથ દબાવ્યા. ચોથાએ મસ્તક પકડી રાખ્યું.

જોરથી દબાવજો હો અમને ફરવા ન દેશો. શ્રીહરિએ પુનઃ ટકોર કરી.

અરે મહારાજ ! તમારી એક આંગળી પણ આઘી પાછી ન થવા દઈએ. અને બધાના આશ્ચર્ય વચ્ચે આંખના પલકારામાં મહારાજ ચત્તા-સવળા સૂતા હતા તે ઊંઘા ફરી ગયા.

હરિભક્તોને હર્ષ થયો. દાબનારા ભોંઠા પડ્યાં. ઝંખવાણા ! આમ કેમ થયું ? જાણી ન શક્યા. ફરીથી એક પ્રયાસ કરવાની ઈચ્છા થઈ ! કદાચ જીતી જવાય !

મહારાજ, એમ કરો. આ વખતે તમે ઊંઘા સૂઈ જાઓ. અમે તમને જોરથી દાબી રાખશું. પછી તમે ફરી જાઓ તો ખરા કહેવાઓ.

શ્રીહરિ સંમત થયા. ભલે એમ તમને ફાવે તો એમ કરો. પોતે ઉંધા સૂઈ ગયા. ચારેય જણાએ પૂર્વવત્ અધિક બળથી દબાવ્યા.

જોજો હો, બરાબર દાબજો અમે ફરી ન જઈએ. પછી કંઈ બહાનું નહિ ચાલે.

અરે ! મહારાજ હવે તમારી તાકાત નથી કે ફરી જાઓ. અજીતને જીતવા માટે ચારેય ભાઈઓએ દાંત કચકચાવ્યા. મુખ ઉપર લોહી ધસી આવ્યું. મોઢાં લાલચોળ થઈ ગયા. ભક્તજનો આ અદ્‌ભુત ખેલ આંખનું મટકું માર્યા વિના જોઈ રહ્યા હતા.

કોઈને સમજ પડે એ પહેલાં તો વીજ ઝબકારની માફક સહજ રીતે પોતે ફરી ગયા ! ચત્તા થઈ ગયા ! ક્યારે થયા કોઈના ધ્યાનમાં ન આવ્યું. નજરે જોયેલું અને સ્વયં અનુભવેલું આ મહા આશ્ચર્ય જોઈને અભિમાન આપો આપ ઓસરી ગયું. મનમાંથી આસુરી વૃત્તિઓ નીકળી ગઈ. બધાના હૃદય નિર્મળ થઈ ગયાં. નમ્રતા પ્રગટી. પરસેવાથી રેબઝેબ થયેલા સર્વે શ્રીજી મહારાજને નમી પડ્યા.

હે પ્રભુ ! અમે હાર્યા. આપ ઈશ્વર-મૂર્તિ છો એ અમે સ્વીકારીએ છીએ. ઈશ્વરનું ઈશ્વરપણું છુપું નથી રહેતું પણ અમારે હું પણાનું આવરણ હતું તે દેખાયું નહિ. ભગવાન તરીકે અમે સાંભળ્યા હતા પણ ભગવાન પણાનો પરચો તો આજે અમારી આંખે દેખ્યો.

શ્રીજી મહારાજના મુખ પર મોહક સ્મિત ફરક્યું. શરણે લીધેલ ચારેય જીવોનું પૂર્વ વૃતાંત તપાસતા હોય એવા ભાવથી કરૂણાભીની દ્રષ્ટિએ તેમને નિહાળી રહ્યા.

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

અલૌકિક વાત

- શાસ્ત્રી હરિ સ્વામી (ગાંધીનગર)

એક રાજાનો મંત્રી ખૂબજ ધાર્મિક હતો. દરરોજ સવારે નાહી-ધોઈ પરવારીને ભગવાનની પૂજા-પાઠ કરે પછી રાજદરબારમાં આવે. એમાં એક દિવસ પૂજામાં થોડીવાર થઈ. એટલે મંત્રીને રાજસભામાં પહોંચવાનું થોડું મોડું થઈ ગયું. એટલે રાજા ગુસ્સે ભરાયો અને મોડા પહોંચવાનું કારણ પૂછયું. ત્યારે મંત્રીએ સાચું કારણ જણાવ્યું. ત્યારે રાજાએ કહ્યું કે હું પૂછું એ પ્રશ્નના જવાબ આપો નહીંતર તમને આકરી સજા કરીશ.

રાજાએ મંત્રીને પ્રશ્નો પૂછ્યા છે કે - "ભગવાન ક્યાં બેસે છે ? કઈ દિશામાં મુખ રાખે છે ? અને તે શું કરે છે ?" મંત્રી અકળાયો "હું કાલે જવાબ આપીશ." એમ કહી તે ઘેર ગયો. પણ ચેન નહીં પડવાથી તે દુઃખી થયો. એવામાં તેને ઘેર એક સંત મહાત્મા આવ્યા. તેણે મંત્રીને તેના દુઃખનું કારણ પૂછ્યું. મંત્રીએ કારણ કહી સંભળાવ્યું. ત્યારે સંતે કહ્યું "તમે ચિંતા કરશો નહી એનો જવાબ હું જ રાજાને આપીશ." બીજે દિવસે સંત કચેરીમાં ગયા અને કહ્યું - "આવા જવાબ તો અમારા માટે સામાન્ય છે. તેથી તમારા પ્રશ્નોનો જવાબ હું આપીશ. પણ તે પહેલાં મને યોગ્ય સ્થાન મળવું જોઈએ. વકતાથી નીચે શ્રોતાએ બેસવું આ એક નીતિ છે." રાજાએ તેમ કર્યું. તે સંતને ગાદી પર બેસાડ્યા અને પોતે નીચે બેઠો.

પછી ભગવાન ક્યાં રહે છે ? એ પ્રશ્નનો ખુલાસો માંગ્યો. ત્યારે આ સંતે દૂધ મંગાવ્યું અને પૂછ્યું કે - "આમાં માખણ કઈ જગ્યાએ છે ?" ત્યારે રાજાએ કહ્યું કે - "સર્વત્ર છે." તે જ પ્રમાણે ભગવાન પણ સર્વત્ર છે. દહીંનું મંથન કરી જેમ માખણ કાઢે છે તેમ ભક્તો હૃદયમાં મંથન કરી પ્રભુને પ્રગટ કરે છે.

"ભગવાન કઈ બાજુ મુખ રાખે છે ?" એવો બીજો પ્રશ્ન પૂછયો ત્યારે સંતે દિવો મંગાવ્યો અને પૂછ્યું કે - "આ દિવાનું મુખ કઈ બાજુએ છે ?" રાજા બોલ્યો - "બધી બાજુએ છે." ત્યારે સંત બોલ્યા કે - "આવી જ રીતે ભગવાન પણ બધી બાજું પ્રકાશ આપી રહ્યાં છે."

"ભગવાન શું કરે છે ?" એવો ત્રીજો પ્રશ્ન પૂછ્યો ત્યારે સંતે કહ્યું કે - "તમે વજીરની જગ્યાએ બેસો અને વજીર તમારી જગ્યાએ બેસે." રાજાએ તેમ કર્યું. એટલે સંત બોલ્યા કે - "જેમ તમારી બદલી મેં કરી તે જ રીતે ભગવાન મનુષ્યોના કર્મ અનુસાર રાજાને રંક અને રંકને રાજા કરે છે." રાજા સંતના જવાબોથી અતિ પ્રશન્ન થયા અને તેમને યોગ્ય માનપાન આપી વિદાય કર્યા.

વ્હાલા મિત્રો ! આ વાત વાંચીને તમને ખ્યાલ આવ્યો હશે કે ભગવાન તો સર્વત્ર છે. અને જે કંઈ થાય છે એ ભગવાનની ઈચ્છાથી થાય છે. એ ક્યારે પણ ભૂલાવું જોઈએ નહીં. અને એમાં પણ વળી આપણા માટે તો **આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને ડંકો વગાડીને કહ્યું છે કે દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્ર આ ચાર સ્વરૂપે હું અખંડ રહ્યો છું. માટે આપણે** આપણા મંદિરમાં દર્શન કરીએ ત્યારે એવો ભાવ રાખીને દર્શન કરવા કે પ્રત્યક્ષ ભગવાન સામે ઉભા છે. તો ભગવાન આપણી પ્રાર્થના જરૂર સાંભળશે.

અમદાવાદ મંદિર દ્વારા ફુલસ્કેપ ચોપડા અને નોટબુકનું પ્રકાશન અને રાહત દરે વિતરણ

શહેર અને ગામોગામના હરિભક્તોને જાણ થાય જે, દર વર્ષની જેમ આ વરસે પણ પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી આપણા અમદાવાદ મંદિર તરફથી વિદ્યાર્થીઓ માટે ફુલ સ્કેપ ચોપડા અને નોટબુક સુંદર સારા ક્વોલીટીના પેપરમાં મલ્ટીકલર ટાઈટલ સાથે પ્રકાશન કરવામાં આવ્યું છે. જેનું રાહત દરે વિતરણ ચાલું છે. તો દરેક વિદ્યાર્થીઓએ વહેલાસર નોટબુક ચોપડા મેળવી લેવા.

પ્રાપ્તિ સ્થાન : સાહિત્ય કેન્દ્ર
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવને ચંદનના વાઘાના દર્શન

અમદાવાદ નગરમાં બિરાજમાન સર્વોપરિ શ્રી નરનારાયણદેવને વૈશાખ સુદ-૩ અક્ષય તૃતિયાના દિનથી નિત્યે સુંદર મલીયાગર ચંદનના વાઘા શ્રી નરનારાયણ દેવના પૂજારી બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી અને તેમનું મંડળ ખૂબજ શ્રદ્ધા ભાવનાથી સંત-હરિભક્તોને દર્શનનો અલૌકિક લાભ આપ્યો હતો. અખીલ બ્રહ્માંડના નાથ સમસ્ત જીવ-પ્રાણી માત્રને સ્વયં તપ કરીને સુખ આપી રહ્યાં છે. આવા દિવ્ય અલૌકિક દર્શન ભાગ્યશાળી-પૂણ્યશાળી અને ભગવદ્ ભક્તોને જ થાય છે. આ શહેરમાં લાખો મનુષ્યો રહે છે. પણ દરેકના ભાગ્યમાં દર્શન હોતા નથી. માટે આપણે સૌએ આવા દર્શન કર્યા જેથી સદાય આ સ્વરૂપ-મૂર્તિનું ચિંતવન જીવમાં ઉતરે એટલે આપણું કલ્યાણ નિશ્ચે થાય.

ઘણાંજ સેવાભાવી હરિભક્તોએ પોતાના તરફથી દેવને ચંદનના વાઘાના યજમાન બનીને સૌને દર્શનનો લાભ અપાવ્યો છે. અને છેલ્લે શ્રીહરિનું ધર્મકુળ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સમસ્ત પરિવાર સૌના પર અતિ રાજી અને પ્રસન્ન થયા છે. જે આપણા મોટા ભાગ્ય છે. (સ્વામી ધર્મપ્રકાશદાસ)

જેતલપુર મંદિરનો ૧૭૮મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને જેતલપુર ધામમાં સ્વહસ્તે બાથમાં લઈ પધરાવેલા સર્વોપરિ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૭૮મો પાટોત્સવ મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરના ઉત્સાહી વ્યવહાર કુશળ મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા મહંતશ્રી કે.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી ખાખરીયા ટપ્પાના હાલ અમદાવાદ મેમનગર રહેતા પ.ભ. ગંગારામભાઈ મહાદેવભાઈ પટેલ પરિવારના યજમાન પદે ખૂબજ ધામધુમથી ઉજવાયો હતો.

સવારે ૬-૩૦ કલાકે યજમાન પરિવારના આમંત્રણથી શ્રીહરિના ત્રણે અપરસ્વરૂપો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી અને પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રી એમ ત્રણ ત્રણ સ્વરૂપોના વરદ્ હસ્તે સૌના સંકલ્પ મનોરથ કરતા દેવાધિદેવશ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો મહાભિષેક વેદવિધિસર રીતે ષોડશોપચાર વિધિથી સંપન્ન થયેલ. હજારો ભક્તજનોએ દર્શનનો દિવ્ય લાભ લીધો હતો. ઠાકોરજીના શિખર પરના સુવર્ણ કળશ ભેજના કારણે શ્યામ થઈ ગયેલા જેની સેવા નારાયણનગરના પ.ભ. દાસકાકા અને તેમના પરિવારે મુખ્ય યજમાન બની અને અન્ય બીજા હરિભક્તોએ જેમાં લાભ લીધો હતો. સુવર્ણથી કળશને પુનઃ રચીને સુંદર બનાવેલ તેનું પૂજન પ.પૂ. મહારાજશ્રીએ કર્યું હતું. પ્રાસંગિક સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ સાંનિધ્યમાં દેશોદેશથી પધારેલા સંતોએ પોતાની ભાવના વ્યક્ત કરી હતી. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

સભામાં જેતલપુર ગ્રામ પંચાયતના સરપંચશ્રી, તથા ગ્રામ પંચાયતના તમામ સભ્યશ્રીઓ તેમજ ગામના આગેવાનોએ અત્રે મંદિર સામેના બસ સ્ટેશન પાછળ રહેલ ભવ્ય ઐતિહાસિક પ્રસાદીને કિલ્લો તથા જેમાં શ્રીહરિ સાથે અનેક સંતોએ અનેકવાર સ્નાન કરેલ છે. તેવું દિવ્ય પ્રસાદીનું દેવ સરોવર ૯૯ વર્ષના (નવ્વાણું) પટે લખી આપીને એક ઉમદા તેમજ ઉદાહરણીય સેવા કરી હતી. તે સૌના પર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રાજી અને પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. આવા કામોમાં પૂજ્ય પી.પી. સ્વામી અને પૂજ્ય આત્મપ્રકાશદાસજી સ્વામીની દીર્ઘદ્રષ્ટિની પણ કોઈ વાત થાય તેમ નથી.

આ કાર્યને વહેલી તકે સુંદરરીતે પરિપૂર્ણ કરવાની જવાબદારી પૂજ્ય મહારાજશ્રીએ પૂ. પી.પી. સ્વામી તેમજ પૂ. મહંત સ્વામીને સોંપેલ છે. જે સંકલ્પ સર્વોપરિ બળદેવજી મહારાજ વહેલી તકે પરિપૂર્ણ કરે અને શ્રધ્ધાળુ ઉદાર હરિભકતોના સહકાર સહયોગથી આ સ્થળનો ખૂબજ સુંદર વિકાશ થાય તેવી સૌએ દેવને પ્રાર્થના કરી હતી.

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહા વિદ્યાલયના વિદ્યાર્થી સંતો-પાર્ષદો અને બ્રાહ્મણ બટુકોએ વેદના મંત્રોચ્ચાર કરીને સૌનો ઉત્સાહ વધાર્યો હતો. યુવાન ઉત્સાહી મહંતશ્રી કે.પી. સ્વામીના માર્ગદર્શનથી સંત-મંડળ અને સ્ટાફે સુંદર સેવા બજાવી હતી.

(પૂજારી સ્વામી વ્રજવલ્લભદાસ)

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ જેતલપુરધામ રજત જયંતી સમારોહ ઉજવાયો

જેતલપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નરનારાયણદાસજીએ સન્ ૧૯૭૮માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ તાબાના સૌ પ્રથમ ગુરુકુળની સ્થાપના કરી, સંસ્થાપક પૂ. શાસ્ત્રી સ્વામીના અક્ષરવાસ બાદ પૂ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીએ ગુરુકુલની ખૂબજ પ્રગતિ કરી. તેમાં ૨૫ વર્ષના સમય ગાળામાં ભવ્ય છાત્રાલયની સંખ્યા (૫૦૦)ની સુવિધા, પ્રાર્થના મંદિર, સ્કુલ, હોસ્પિટલ, ગૌશાળા, પી.ટી.સી. કૉલેજમાં કુલ મળીને પંદરસો વિદ્યાર્થીઓને લાભ મળે છે. તા. ૨૨/૨૩મેં ૨૦૦૪ બે દિવસનો રજત જયંતી સમારોહ રાખવામાં આવ્યો. તા. ૨૨ મેના રોજ ગુરુકુલના પૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન રાખવામાં આવ્યું. કુલ ૨૫૦૦ વિદ્યાર્થીઓ ગુરુકુલમાં સંસ્કાર સાથે શિક્ષણ મેળવી ચુક્યા છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને પૂર્વ વિદ્યાર્થી સંમેલન થયું. જેમાં પૂર્વ મુખ્ય મંત્રી માનનીય કેશુભાઈ પટેલ તથા માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (કૃષિ મંત્રી)શ્રી તથા ભાવિન શેઠ ધારાસભ્ય એલીશબ્રીજ, બાબુભાઈ પટેલ ધારાસભ્ય દશકોઈ તથા સંતો મહાનુભાવો પધાર્યા હતા.

૨૩ મેની સવારે ૯-૦૦ વાગે ગુરુકુલનું પાંચમું સોપાન શ્રી તેજેન્દ્રપ્રસાદજી બી.એડ. કોલેજનું ઉદ્ઘાટન પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી ૧૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને ઉદ્યોગપતિશ્રી નટુભાઈ એન. પટેલ મેઘમણી કેમિકલ્સ લિ. માનનીય કૌશિકભાઈ પટેલ, માનનીય

ષષ્ઠી પૂર્તિ મહોત્સવમાં ખજાનચી તરીકે પ.ભ. રસિકભાઈ દયાળજીભાઈ સોની (સીતાપુરવાળા - માણેક જ્વેલર્સ)ની પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીએ નિયુક્તિ કરી હતી. તેઓએ છેલ્લા ત્રણ માસથી પોતાના વ્યવહારના કામ છોડીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો રાજીપો અને શ્રીહરિને પ્રસન્ન કરવા માટે સતત સેવામાં જોડાયા હતા. - *મહંત સ્વામી*

સુરેન્દ્રભાઈ પટેલ ચેરમેનશ્રી ઓડા તથા મુખ્ય યજમાન પ.ભ. જીગર પટેલ તથા અમદાવાદ સ્કીમ કમિટીના સભ્યો અગ્રગણ્ય હરિભક્તોની સંખ્યા પાંચ હજારની હતી. ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાને ધર્મસંસ્કારથી હાલ તેઓના જીવનમાં જે ઉપયોગી બને છે તે વિષે કેટલાક પૂર્વ વિદ્યાર્થીઓએ મનનીય પ્રવચનો કર્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદમાં ગુરુકુલના સંતો શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પી.પી. સ્વામીના સંત મંડળના સંતો તરફથી જે સત્સંગમાં સેવા મળે છે. તથા અમદાવાદ મંદિરના મહંત તરીકે દશ વર્ષ સેવા આપી તેની પ્રશંસા કરી હતી. અત્રે નૂતન નિર્મિત શ્રી તેજેન્દ્રપ્રસાદજી બી.એડ.કૉલેજ ૨૦૦૪થી પ્રારંભ થશે. દાતાશ્રીઓને સન્માનીત કરવામાં આવ્યા હતા. (લિ. નારાયણ સ્વામી મહેસાણા મહંત

કે. પી. સ્વામી, જેતલપુર મહંત)

ચરાડા મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

ઉત્તર ગુજરાતના માણસા પાસેના ચરાડા ગામે ૧૦૦ વર્ષથી પણ જુનું શ્રી સ્વામિનારાયણ મંદિર હતું. જે કાળાન્તરે જિર્ણ થતા નૂતન મંદિરનું નિર્માણ જેતલપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાજી તથા પૂ. પી.પી. સ્વામીના નેતૃત્વ હેઠળ ટુંક સમયમાંજ તૈયાર કરવામાં આવ્યું. આવા સુંદર નયન રમ્ય મંદિરમાં તા. ૧૭-૪-૨૦૦૪ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અત્રેના મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ધામધુમથી સંપન્ન થઈ હતી.

મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિનાત્મક પારાયણ સાધુ ભક્તિનંદનદાસ ગુરુ પી.પી. સ્વામી એ વક્તાપદે કથામૃત પાન કરાવ્યું હતું. તેમજ ત્રિદિનાત્મક વિષ્ણુયાગ રાખવામાં આવેલ. અને દરરોજ રાત્રે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

જેતલપુર મંદિરના મહંત સ્વામીના દાદાગુરુ પ.પૂ.અ.નિ. કૃષ્ણકેશવદાસજી સ્વામીના પૂર્વાશ્રમનું ગામ હોવાથી તેઓના શિષ્ય મંડળ દ્વારા મંદિરનું નિર્માણ તથા મૂર્તિ પ્રતિષ્ઠા વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂ. શ્યામચરણ સ્વામી, શા. ઈશ્વર સ્વામી વગેરે સંત મંડળે સેવા સહયોગ આપી પ્રસંગને શોભાવ્યો હતો.

હરિભક્તોમાં પ.ભ. ઈશ્વરભાઈ પટેલે (માણસા) સુંદર માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. અને પ.ભ. રમણભાઈ ભાવસાર તથા પ.ભ. પ્રવિણભાઈ પટેલ વગેરે અગ્રગણ્ય હરિભક્તોએ સુંદર સેવા કરી હતી.

(કે. પી. સ્વામી જેતલપુર મહંત)

મોટા ઉભડા ગામે મંદિરનું નિર્માણ

સુરેન્દ્રનગર જિલ્લાના મોટા ઉભડા ગામે ભૂકંપ ગ્રસ્ત હરિમંદિરનું પુનઃ નિર્માણ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જેતલપુરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીના માર્ગદર્શન-પ્રેરણાથી કરવામાં આવ્યું.

૪૦ વર્ષ જુના મંદિરની મૂર્તિઓને યથાવત રાખીને સુંદર નયન રમ્ય મંદિર બનાવવામાં આવ્યું.

તા. ૨૩-૪-૨૦૦૪ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી મોટા ઉભડા ગામે પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ધામધુમથી સ્વાગત સામૈયું કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રીએ મંદિરમાં ઠાકોરજીની આરતી કરીને સભામાં આશીર્વાદ આપવા પધાર્યા હતા. આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તા તરીકે શાસ્ત્રી સ્વામી ઈશ્વરજીવનદાસજી ગુરુ પી.પી. સ્વામીએ કથામૃત પાન કરાવ્યું હતું.

અત્રેનું મંદિર અ.નિ. શાસ્ત્રી સ્વામી નરનારાયણદાસજીએ ૪૦ વર્ષ પહેલા બનાવેલ તથા સત્સંગ કરાવેલ. અત્રે શ્રી તેજેન્દ્રપ્રસાદજી વિદ્યાલયનું નિર્માણ અમદાવાદ, મંદિર દ્વારા ભૂકંપના પુનઃ નિર્માણ વખતે કરવામાં આવેલ. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ નૂતન સ્કૂલની મુલાકાત લીધી હતી.

(પૂજારી વ્રજવલ્લભદાસ - જેતલપુર)

મથુરા મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત શા.સ્વા. અખિલેશ્વરદાસજીની પ્રેરણાથી પ.ભ. મગનલાલ લીલાધર સોની પરિવારના સુપુત્રો શ્રી ઘનશ્યામભાઈ, શ્રી નવિનભાઈ તથા શ્રી જીતુભાઈ સોની તરફથી અત્રે ઠાકોરજીનો પાટોત્સવ વૈશાખ સુદ-૧૦ તા. ૩૦-૪-૦૪ના રોજ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજને શોડષોપચાર વિધિથી અભિષેક કરીને ધામધુમથી સંપન્ન થયેલ. ત્યારબાદ અન્નકૂટ દર્શન અને સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં મહંત શા.સ્વા. અખિલેશ્વરદાસજીએ યજમાન પરિવારની સેવાને બિરદાવી આશીર્વાદ આપ્યા હતા. દિલ્હી આદિથી હરિભક્તો દર્શને પધાર્યા હતા. પૂ. સ્વામી નારાયણસ્વરૂપદાસજી (પ્રયાગ) અને પૂજારી સ્વા. સર્વેશ્વરદાસે સારી સેવા બજાવી હતી.

(કોઠારી નરેન્દ્ર ભગત)

નારાયણઘાટ મંદિરમાં સંપન્ન થયેલ ભાગવત પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રસાદદાસજીની પ્રેરણાથી પ.ભ. રમણભાઈ ડાહ્યાભાઈ પટેલ (અંબાપુરવાળા) પરિવારના યજમાન પદે સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીના વક્તાપદે તા. ૧૮-૪-૦૪ થી તા. ૨૪-૪-૦૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સમાહ પારાયણ અત્રે મંદિરમાં સુંદર રીતે સંપન્ન થઈ હતી. સંહિતાપાઠના વક્તાપદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિજયપ્રકાશદાસજી (જમીયતપુરા) રહ્યા હતા. કથા પ્રારંભમાં પોથીયાત્રા તેમજ કથા અંતર્ગત શ્રીકૃષ્ણ જન્મોત્સવ અને રૂક્ષ્મણી વિવાહ વગેરે પ્રસંગો ખૂબજ ઉત્સાહપૂર્વક ધામધુમથી ઉજવવામાં આવ્યા હતા. આ પ્રસંગે અનેક ધામોથી સંતોએ પધારીને પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. હજારો ભક્તજનોએ કથા-શ્રવણ કરીને દિવ્યાનંદ લીધો હતો. પૂર્ણાહુતિના દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને યજમાન પરિવાર તથા સમગ્ર સભાને આશીર્વાદ આપ્યા હતા.

(પ્રતિ. ગોરધનભાઈ વી. સીતાપરા)

બદપુરા મંદિરનો રજત જયંતી મહોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને શા. સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર ગુરુકુળ) તથા સ્વા. સત્યસંકલ્પદાસજીની પ્રેરણાથી અત્રે બદપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૫મો વાર્ષિક પાટોત્સવ (રજતજયંતી) તથા બહેનોના નૂતન મંદિરનો પાટોત્સવ

તા. ૨૭-૨-૦૪ના રોજ ધામધુમથી સંપન્ન થયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ પ.ભ. ચૌધરી મહેન્દ્રભાઈ રામાભાઈ ગલબાભાઈના યજમાનપદે અને શાસ્ત્રી સ્વા. નારાયણવલ્લભદાસજી તથા શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજીના વક્તા પદે અને સહિંતાપાઠમાં સ્વા. અભિષેકપ્રસાદદાસજી બિરાજ્યા હતા. મહાપૂજાનું પણ આયોજન કરેલ, જેના યજમાન ચૌધરી ગોવાભાઈ જોરાભાઈ અને સહયજમાનોએ ભાગ લીધો હતો. સહિંતાપાઠના યજમાન ચૌધરી વલ્લભભાઈ બેચરભાઈ હતા

તા. ૨૬ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અત્રે પધાર્યા ત્યારે ગામના ભાવિક ભક્તોએ ખૂબજ ધામધુમથી સ્વાગત સામૈયું કરીને પૂ. મહારાજશ્રીને વધાવ્યા હતા. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રી મંદિરમાં પધાર્યા હતા. અને ઠાકોરજીની આરતી ઉતારીને સુંદર દિવ્ય લાભ હરિભક્તોને આપ્યો હતો. પ્રાસંગિક સભામાં પધારીને ચૌધરી સમાજના સત્સંગને બિરદાવી રૂડા આશીર્વાદ આપ્યા હતા.

તા. ૨૭-૨-૨૦૦૪ના રોજ પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી ગામમાં પધાર્યા ત્યારે ભાવિક ભક્તોએ ખૂબજ ધામધુમથી સ્વાગત સામૈયું કર્યું હતું. ને ત્યાંથી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ બન્ને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી અને સભાને રૂડા આશીર્વાદ પાઠવી નારાયણ ધૂન સાથે સભા વિરામ પામી હતી.

(શા. સ્વા. વિશ્વપ્રકાશદાસજી)

શ્રી તેજેન્દ્રપ્રસાદજી એજ્યુકેશન ફાઉન્ડેશન મકતુપુર ઊંઝાનો વાર્ષિક મહોત્સવ ઉજવાયો

અત્રે તા. ૫-૩-૦૪ના રોજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી એજ્યુકેશન ફાઉન્ડેશનનો તૃતીય વાર્ષિકોત્સવ ભારે દબાદબાપૂર્વક ઉજવાયો હતો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આ પ્રસંગે ખાસ પધાર્યા હતા. અને પ્રાસંગિક સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચન આપતા કહ્યું કે આઝાદીના સમયથી અંગ્રેજી માધ્યમના શિક્ષણ તરફ ધૂણાથી જોવાતું હતું. પરંતુ દરેકક્ષેત્રમાં તેની જરૂરીયાત પડે છે અને હવેના સમયની તે માંગ છે. એમ પોતાના આશીર્વચન આપી સૌ પર અતિ પ્રસન્ન થયા હતા.

આ પ્રસંગે અનેક સંતો-મહંતો શ્રી નારાયણભાઈ એલ. પટેલ (ઉંઝા ધારાસભ્ય તથા ચેરમેન એ.પી.એમ.સી.) શ્રી ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટ (રોટરી કલબના મેમ્બરશ્રી) મકતુપુર ગામના સરપંચ ઉપ સરપંચ, શાળાના સંચાલકશ્રી શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પ.ભ. જી. કે. પટેલ (વિમલ પેઈન્ટસ મહેસાણા અને અમદાવાદ મંદિર સ્કીમ કમિટી સભ્યશ્રી) તેમજ મહેસાણા ના અગ્રગણ્ય મહાનુભાવો, વાલીઓ અને શાળાના બાળકો અને તમામ સ્ટાફના સભ્યો સૌ ઉપસ્થિત રહ્યા હતા. દરેકે પોતાની ભાવના ઉર્મિઓ દર્શાવી હતી.

શાળાના નર્સરીથી ધો.-૫ સુધીના બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ ખૂબજ સુંદર અને પ્રેરણારૂપ હતો. આમ અત્રેનો આ કાર્યક્રમ ખરેખર આનંદ દાયક અને સુખદ રહ્યો હતો. (રાજેશ એલ. પટેલ)

સાપાવાડા મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સાપાવાડા મંદિરના દેવોનો પાટોત્સવ, અભિષેક વેદવિધિસર રીતે સંપન્ન થયેલ. આ પાટોત્સવ અત્રેના મહંત સ્વામી નિલકંઠદાસજીની પ્રેરણાથી પ.ભ. પટેલ હિરાભાઈ ગણેશભાઈ પરિવારે યજમાન બની લાભ લીધો હતો. અમદાવાદ, જેતલપુર, છપૈયા, ધ્રાંગધ્રા, મૂળી અને લીંબડીના સંતો આ પ્રસંગે ખાસ પધાર્યા હતા.

ધારા સભ્યશ્રી ફતેસિંહજી રાજગઢ, શ્રી અરવિંદભાઈ ત્રિવેદી (લંકેશ), શ્રી પૃથ્વીરાજ પટેલ, કલેકટર સાહેબ તથા શ્રી એમ. કે. જાડેજા આદિએ પધારીને દર્શનનો લાભ લીધો હતો. સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

(પૂજારી વામન સ્વામી)

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ચિલોડા

શ્રી નરનારાયણદેવ સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ચિલોડાના શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળાનો પંચમ વાર્ષિકોત્સવ તથા શાળાના મદદનીશ શિક્ષકશ્રીનો નિવૃત સમારંભ તા. ૨૬-૨-૦૪ના રોજ પ.પૂ. ભાવિ આચાર્યશ્રી લાલજી મહારાજશ્રીના શુભ સાંનિધ્યમાં ધામધુમથી સંપન્ન થયો. નિવૃત થતા શિક્ષકશ્રી રમણભાઈ કે. પટેલે શાળાના બાળકો તથા આમંત્રિત મહેમાનોને ભોજન અને ગુરુકુળને રૂા. ૨૫૦૦૦/- નું દાન કર્યું હતું. સંચાલકશ્રી સ્વામી બાલસ્વરૂપદાસજીએ સુંદર વ્યવસ્થા કરી હતી.

બાલાસિનોર મંદિરનો ૧૬૩મો પાટોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ તાબાના બાલસિનોર મંદિરમાં ફાગણ વદ-૯ તા. ૧૮-૩-૦૪ના શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે બાલાસિનોર મંદિરના દેવનો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ શા.સ્વા. હરિજીવનદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. પ્રાસંગિક સભામાં શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી (નારાણપુરા મહંતશ્રી) અને વિદ્વાન સંતોએ પ્રેરક પ્રવચનો કર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને અને મુખ્ય યજમાન પ.ભ. અ.નિ. નટવરલાલ કાદરલાલ મીસ્ત્રી પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ગામના તમામ હરિભક્તોએ સેવાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. શ્રી ધર્મેશ સોની (ટી.વી. આર્ટિસ્ટ)એ હસી ખુશીનો સુંદર કાર્યક્રમ રજુ કર્યો હતો.

શ્રીહરિ પ્રસ્થાપિત ધોળકા મંદિરનો ૧૭૭મો પાટોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી લાલજીશ્રી

નરોડા સત્સંગ મંડળનું ગૌરવ

પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે નરોડા શ્રી નરનારાયણદેવ યુવક મંડળમાં મૂક સેવાભાવી પ.ભ. અરવિંદભાઈ બી. પટેલના ચિ. નયને આ વર્ષે લેવાયેલ ૧૨ સાયન્સમાં મેરીટ ૯૪.૪૪% માર્કસ સાથે ઉર્તિણ થઈ સત્સંગનું ગૌરવ વધાર્યું છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ તેમની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવા આશીર્વાદ પાઠવ્યા છે.

કાયમી સભ્યોને સૌજન્ય

પ.ભ. પ્રકાશકુમાર અમૃતલાલ પટેલ (ગવાડા વાળા) હાલ - બાપુનગર અમદાવાદ તરફથી શ્રી સ્વામિનારાયણ અંકના કાયમી ૧૧ સભ્યોને રૂા. ૧૦૦/- સૌજન્ય પ્રતિ. શ્રી ગોરધનભાઈ સીતાપરા દ્વારા આપેલ છે.

કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા બાળ લાલજી શ્રી પ.પૂ. વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને ધોળકા મંદિરના મહંત સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીની શુભ પ્રેરણાથી અ.નિ. પ.ભ. માધવદાસ મોહનલાલ પાટડીયા (હૈદ્રાબાદવાળા) પરિવારના પ.ભ. કાંતિભાઈ માધવદાસ પાટડીયા, અ.નિ. પ.ભ. જયંતીભાઈ માધવદાસ પાટડીયા, પ.ભ. પ્રેમચંદભાઈ માધવદાસ પાટડીયા (ન્યુજર્સી) પ.ભ. વિજયભાઈ માધવદાસ પાટડીયા (શિકાગો) આદિ પરિવાર તરફથી વૈશાળ વદ-પના સર્વોપરિ શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજ અને શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સવારે ૭-૦૦ કલાકે વેદ વિધિસર રીતે સંપન્ન થયેલ. પ્રાસંગિક સભામાં સ.ગુ. મહંત સ્વામી જગતપ્રકાશદાસજી અને શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (નારાણઘાટ મંદિર મહંતશ્રી)એ દેવ અને ધર્મકુળનું માહાત્મય સુંદર રીતે વર્ણવ્યુ હતું. ધામોધામથી પધારેલા વિદ્વાન સંતોએ પ્રેરક પ્રવચન કર્યા હતા. સમસ્ત સભાને અને યજમાન પરિવારને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અતિ પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી (દિલ્હી મહંતશ્રી) સ્વામી શ્રીહરિસ્વરૂપદાસજી (મૂળી રાધાકૃષ્ણદેવના પૂજારી) મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી તથા મનુભગત (ધોળકા) અને સંત મંડળે સુંદર સેવા બજાવી હતી. મૂળીથી સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી અને સ.ગુ.શા. સ્વામી નારાયણપ્રસાદદાસજી ખાસ પધાર્યા હતા.

(સાધુ વિજયપ્રકાશદાસ, જમીયતપુરા)

કણભામાં શ્રીહરિ તબીબી સારવાર કેન્દ્રનું ઉદ્ઘાટન

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આજ્ઞાત્મક આશીર્વાદથી સર્વજીવહિતાવહ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ચેરીટેબલ ટ્રસ્ટ કણભા સંચાલિત શ્રીહરિ તબીબી સારવાર કેન્દ્રનું શુભ ઉદ્ઘાટન તારીખ ૨૨-૪-૦૪ને અખાત્રીજના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ ગાંધીનગરના મહંત સ.ગુ. ધ્યાની સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી દ્વારા બહોળી સંખ્યામાં સંતો, નામાંકિત ડૉકટર્સ, આમંત્રિતો તથા હરિભક્તોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમના અન્ય રોકાણોના કારણે ઉપસ્થિત રહી શક્યા નહોતા. પરંતુ રાજીપા સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે સાહિત્યાચાર્ય સત્સંગભૂષણદાસજી સ્વામીએ તબીબી સારવાર કેન્દ્રનો ઉદ્દેશ સમજાવતાં કહેલ કે અહીં કોઈપણ જાતના નાત જાતના ભેદભાવ વિના દરેકને સરખી અને સારી સારવાર આપવામાં આવશે. કણભા ગામથી પચાસ કીલોમીટરની આસપાસ કોઈ એમ.ડી.ડૉકટર નથી. જ્યારે અહીં એમ.ડી. ડૉકટરની નિમણુક થયેલ છે ત્યારે આ સારવાર કેન્દ્ર બધાને બહુ ઉપયોગી થશે. આ સારવાર કેન્દ્રમાં એક્ષ-રે ક્લિનિક, પેથોલોજી લેબોરેટરી તથા સોનોગ્રાફીની સુવિધા ઉપલબ્ધ છે તથા હોસ્પિટલ આખી કોમ્પ્યૂટરરાઈઝડ છે તથા દવાઓ રાહત દરે આપવામાં આવશે.

ઉદ્ઘાટન પ્રસંગે આશીર્વાદ આપતાં ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી સ.ગુ. ધ્યાની સ્વામીએ જણાવેલ કે શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં જણાવેલ છે કે માતા પિતા ગુરુ રોગીની જીવંત પર્યંત સેવા કરવી એ ન્યાયે આ હોસ્પિટલની સ્થાપના કરી છે. યશ, માન કે કીર્તિ માટે કરેલ નથી. શ્રીહરિની દયાથી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આજ્ઞાત્મક આશીર્વાદથી તથા સંતો ડૉકટરો અને હરિભક્તોના સંપૂર્ણ સાથ અને સહકારથી આ હોસ્પિટલ ચાલુ કરેલ છે. આ દવાખાનામાં દર્દીઓના રોગ સાથે તેમનામાં જે કાંઈ વ્યસનો હોઈ તે દૂર કરી તેનો ભવરોગ મટાડવા માટે પ્રાર્થના કરીએ છીએ.

આ પ્રસંગે અમદાવાદના નિષ્ણાંત ડૉકટરો તથા મેડીકલ સ્ટાફનું સન્માન કરવામાં આવ્યું હતું.

પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ઉદ્ઘાટન બાદ ગુરુકુળની મુલાકાત લીધી હતી અને સ્કુલની લેબોરેટરી, ક્લાસ રૂમ તથા નવા શરૂ થયેલા શ્રીહરિ તબીબી સારવાર કેન્દ્રના એક્સે રે, લેબોરેટરી વગેરેની વ્યવસ્થા જોઈને ખૂબજ પ્રભાવિત થયા હતા. અન્ય રોકાણને કારણે તેઓશ્રી પણ ઉદ્ઘાટન પ્રસંગે હાજર રહી શક્યા નહોતા. પરંતુ આશીર્વાદ પાઠવ્યા હતા અને ત્યારબાદ મુલાકાત લઈ હરિભક્તોને તથા સંતોને ખૂબ રાજી કર્યા હતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

તા. ૬-૫-૨૦૦૪ને ગુરુવારે પેથાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરનો જીર્ણોધ્ધાર શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ ગાંધીનગરના મહંત સ.ગુ. ધ્યાની સ્વામીશ્રી હરિસ્વરૂપદાસજી દ્વારા થતાં તે મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રી રાધાકૃષ્ણદેવનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી નરનારાયણદેવ દેશ અમદાવાદના પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંતો તથા દેશ-વિદેશથી પધારેલા હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગે સ.ગુ. ધ્યાની સ્વામીશ્રી હરિસ્વરૂપદાસજીએ જણાવેલ કે શ્રી સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી ઉપર પધારી જીવાત્માની અંદર માયાનો વેગ અનાદિકાળથી લાગ્યો છે તે ટાળી ભગવાનની મૂર્તિમાં હેત કરી આ જન્મ સફળ કરી લેવો.

આ પ્રસંગે આશીર્વચન પાઠવતાં **પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ જણાવ્યું હતું કે તમોએ અમારી અને ધ્યાની સ્વામીની પ્રશંસા કરી પરંતુ પેથાપુરના સત્સંગની જ્યારે પ્રશંસા થાય ત્યારે અમારો દાખડો સફળ થશે. અમોએ પ્રેમથી આ દેવોની પ્રતિષ્ઠા વિધિ કરી છે. તમો પણ પ્રેમથી મંદિરમાં દર્શન કરી આ ચિંતામણી તુલ્ય મૂર્તિનો સમાગમ રાખશો.**

આ પ્રસંગે સુરેન્દ્રનગરના સ.ગુ. કૃષ્ણવલ્લભદાસ સ્વામી, અમદાવાદ મંદિરના કોઠારી સત્યપ્રકાશદાસ સ્વામી, કોટેશ્વર ગુરુકુળના સંચાલક નાના પી.પી. સ્વામી, પેથાપુરના શાસ્ત્રી ધર્મપ્રવર્તકદાસજી સ્વામી તથા બાવળા મંદિરના મહંત ભક્તવત્સલદાસજી સ્વામીએ આ પ્રસંગે ઉદ્બોધન કર્યું હતું.

મંદિરના પુનઃ નિર્માણથી પેથાપુરના હરિભક્તોમાં સત્સંગની નવ જાગૃતિ આવી ગઈ !

કાંકરિયા રામબાગમાં નૂતન શિખરબધ્ધ મંદિરનું ખાતમૂહુર્ત

અમદાવાદના કાંકરિયા રામબાગ જ્યાં શ્રીહરિએ ચોર્યાસી કરેલ તે વિસ્તારમાં હાલ આપણું ભવ્ય મંદિર છે. શ્રીહરિના ચરણોથી

અંકિત પ્રસાદીના આ દિવ્ય સ્થાન પર ત્રણ શિખરનું શિલ્પ શાસ્ત્ર અનુસાર સુંદર પથ્થરનું મહામંદિર નિર્માણ કરવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આજ્ઞા સહ આશીર્વાદ આપ્યા.

પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીની સીધી દેખરેખ અને માર્ગ દર્શનથી અત્રેના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજીની પ્રેરણાથી આ ભવ્ય મંદિર શિલ્પ શાસ્ત્રના નિષ્ણાંત સોમપુરા કારીગરો પાસે તૈયાર કરવા નક્કી કરવામાં આવ્યું છે. તા. ૯-૫-૨૦૦૪ને રવિવારે આપણા પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શિખરબધ્ધ મંદિરની ખાતવિધિ ધામધુમથી સંપન્ન થઈ હતી. જેના યજમાન પદનો લાભ અ.નિ. ભાલજા સાહેબના મંડળના હરિભક્તોએ લીધો હતો. આ પ્રસંગે પૂ. મહંત સ્વામીશ્રી (અમદાવાદ) પૂ. પી.પી. સ્વામી (જેતલપુર) શા.સ્વા. કેશવપ્રસાદદાસજી આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા. કોઠારી સ્વામી આનંદપ્રસાદદાસજી, મહંત સ્વા. દેવકૃષ્ણદાસજી અને નરોત્તમ ભગતે સુંદર સેવા બજાવી હતી. (પૂજારી સ્વામી)

વાલી (રાજસ્થાન) મંદિર

અત્રે વાલી રાજસ્થાનમાં વિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૭૫મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી મહંત સ્વામીશ્રી નિર્મળદાસજી તથા સ્વામી હરિપ્રસાદદાસજી તથા બિલિયાના મહંત સ્વામી ઘનશ્યામ સ્વામી તથા શા.સ્વા. ચંદ્રપ્રકાશદાસજી અને શા.સ્વા. વિજયપ્રકાશદાસજી તથા બ્રહ્મસ્વરૂપદાસજી તથા દેવપ્રસાદ સ્વામી તથા પુરુષોત્તમ સ્વામી તથા વ્રજવિહારી સ્વામી આ દરેક સંતોએ સાથે મળીને ઉજવ્યો હતો.

આ પ્રસંગે મંદિર દ્વારા શ્રી નરનારાયણદેવ ગાદી સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાયકનું ઉદ્ઘાટન પણ ખૂબજ ધામધુમથી કરવામાં આવ્યું. આ પ્રસંગે પૂર્વ વિદ્યાયક પૂરારામ ચૌધરી (એમ.એલ.એ.) મોરારદાસજી તથા ભીનમાલ ચેરમેન ગુમાનસિંહ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

(કોઠારી હરિપ્રસાદ સ્વામી, વાલી)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

હળવદ મંદિર

પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મૂળીના વયોવૃદ્ધ પૂજ્ય સંતશ્રી રાધામનોહરદાસજી સ્વામીની શુભ ઉપસ્થિતિમાં અને સ્વા. શ્રીજીસ્વરૂપદાસજીની પ્રેરણાથી અત્રે તા. ૨૧-૩-૦૪ના રોજ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભક્તિવિહારી સ્વામી, વિશ્વવિહારી સ્વામી આદિ સંતમંડળે નંદસંતો રચિત કીર્તનો ગાઈને તથા જ્ઞાનવાર્તા કરીને સૌને આનંદિત કર્યા હતા. પૂજ્ય વયોવૃદ્ધ સંતશ્રી રાધામનોહરદાસજી સ્વામીએ (૯૩ વર્ષ) પણ ખૂબજ ભાવ વિભોર થઈ કીર્તન ગાઈને સભાને સંબોધન કર્યું હતું.

(ચંદુલાલ જી. ચાવડા)

લીંબડી મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ્વામી ભક્તવત્સલદાસજીની પ્રેરણાથી શ્રી બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનો ૧૪મો પાટોત્સવ તથા બહેનોના તથા તપોવન મંદિરનો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી સંપન્ન થયેલ. મહાપૂજાવિધિ અત્રેના સંતોએ કરાવી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને આશીર્વાદ આપ્યા હતા.

(વંદનપ્રકાશ સ્વામી)

સુરેન્દ્રનગર મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી દર વર્ષની માફક આ વરસે ચૈત્ર સુદ-૯ અખંડ ધૂન, ૧૨-૦૦ શ્રી રામ જન્મોત્સવ સાંજે શહેરમાં શોભાયાત્રા અને રાત્રે ૧૦-૧૦ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ધામધુમથી ઉજવ્યો હતો. ચૈત્ર સુદ-૧૩ના પાટોત્સવ નિમિત્તે યજ્ઞ, સત્સંગ સભાનું આયોજન શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીએ કર્યું હતું.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

મેમકા (તા. વઢવાણ)

અત્રે મેમકા શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) શ્રી નરનારાયણ મંડળ ના બહેનો દર પૂનમ અને અમાસના ઘર સભાનું આયોજન કરે છે. દર એકાદશીના પ્રભાતફેરી ગામમાં ફરે છે. અને મંદિરમાં સભા રાખવામાં આવે છે. દર રવિવારે બાળ મંડળની બાલિકાઓની સભા થાય છે. આમ અત્રે બહેનોનો સુંદર સત્સંગ પ્રેરણારૂપ છે. જેમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનો અનહદ રાજીપો અને કૃપા છે.

(શ્રી સ્વા.મં. મહિલા મંદિર)

શ્રી સ્વામિનારાયણ મંદિર મોડપરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

તા. ૨૮-૪-૨૦૦૪ને બુધવારે મોડપર શ્રી સ્વામિનારાયણ મંદિરનું નવનિર્માણકાર્ય પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ ગાંધીનગરનામહંત સ.ગુ. ધ્યાની સ્વામી શ્રીહરિસ્વરૂપદાસજી દ્વારા પૂર્ણ થતાં તે મંદિરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની પટમૂર્તિઓનો પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી નરનારાયણદેવ દેશ અમદાવાદના પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંતો તથા દેશ-વિદેશથી પધારેલા હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગે સ.ગુ. ધ્યાની સ્વામી શ્રીહરિસ્વરૂપદાસજીએ જણાવેલ કે મનુષ્ય જન્મ મળવો બહુ દુર્લભ છે તો તેવા જન્મને પામીને ભગવાનની ભક્તિ કરી લેવી અને જીવનું મોક્ષ સંબંધી કાર્ય કરી લેવું. વિશેષમાં તેઓએ જણાવેલ કે મોડપરમાં ભૂકંપમાં મંદિર પડી ગયું હોવા છતાં અને અનેક પ્રલોભનો છતાં ધર્મકુળને આશ્રિત રહીને સત્સંગ જાળવી રાખ્યો તે સત્સંગ માટે ગૌરવની વાત છે.

આ પ્રસંગે આશીર્વચન પાઠવતાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ જણાવ્યું હતું કે ધ્યાની સ્વામીનો પ્રેમ અમને અહીં ખેંચી લાવ્યો છે અને આપે જોયું તેમ સ્વામીશ્રીએ અહીં અમોને પ્રેમથી પાણી પાયું તેથી અમોને આવી ગરમી છતાં તરસ લાગતી નથી. મોડપર ગામના હરિભક્તોના પ્રેમની વાત કરતાં જણાવેલ કે અમો ભૂકંપ પછી અહીં આવ્યા હતાં. ત્યારે એક સત્સંગી બહેનેઅમારી ગાડી રોકાવીને કહેવડાવ્યું કે અમારા માટે ચણા રાખ્યા છે તે લઈ જાઓ. અમોએ કહ્યું કે ભૂકંપની પરિસ્થિતિમાં અમો અહી હરિભક્તોને કંઈક આપવા માટે આવ્યા છીએ. અમારા કરતાં ચણાની જરૂરત તમોને છે તેથી અમો ચણા લઈ શકીએ નહી. પરંતુ

હરિભક્તોના પ્રેમ અને આગ્રહને વશ થઈને અમોએ ચણા લેવા પડ્યાં.

આ પ્રસંગે સુરેન્દ્રનગરના સ.ગુ. કૃષ્ણવલ્લભદાસ સ્વામી, અમદાવાદ મંદિરના કોઠારી સત્યપ્રકાશદાસ સ્વામી ધ્રાંગધ્રા ગુરુકુળના સંચાલક ભક્તિ સ્વામીએ આ પ્રસંગે ઉદ્‌બોધન કર્યું હતું.

વિદેશ સત્સંગ સમાચાર

ટોરન્ટો કેનેડા (I.S.S.O.)માં શ્રી સ્વામિનારાયણ જયંતી ઉજવાઈ

તા. ૩૦-૩-૨૦૦૪ને ચૈત્ર સુદ-૯ શ્રી સ્વામિનારાયણ જયંતીના શુભ દિને ટોરન્ટો કેનેડા સત્સંગ મંડળની સભા પ.ભ. શ્રી શશીકાંતભાઈના ઘેર યોજવામાં આવી હતી.

શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ૨૨૪મો પ્રાકટ્યોત્સવ સર્વે હરિભક્તોએ ખૂબ ભક્તિભાવ અને નિષ્ઠાપૂર્વક ઉજવ્યો. ભજન, કીર્તન તથા વચનામૃતનો અમૂલ્ય લાભ લીધો.

પોતપોતાના ઘરેથી પ્રેમપૂર્વક બનાવીને લાવેલાં વિવિધ પકવાન અને થાળનો સુંદર અન્નકૂટ શ્રીહરિની મનોહર મૂર્તિ સમક્ષ યોજવામાં આવ્યો.

સભાને અંતે આરતી, ધૂન થયાં અને મહાપ્રસાદ ગ્રહણ કરવામાં આવ્યો. પ.ભ. શ્રી રસિકભાઈ પટેલ, પ.ભ. શ્રી દશરથભાઈ ચૌધરી સહિત ટોરન્ટો તેમજ આસપાસ વસતાં સૌ સત્સંગીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહીને શ્રી સ્વામિનારાયણ જયંતી અતિ સુંદર રીતે ઉજવી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર થાય છે.

(ટોરન્ટો કેનેડા સત્સંગ મંડળ વતી)

લેસ્ટર (U.K., I.S.S.O.)

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી રામનવમીના શુભ દિને તા. ૩૦-૩-૨૦૦૪ સવારે ૧૦ થી ૧૨ રામ જન્મોત્સવ અને સાંજે ૬ થી ૮ સ્વામિનારાયણ જયંતી પ્રસંગે ધૂન-ભજન અને કીર્તન સમૂહમાં કર્યા હતા. ચૈત્ર સુદ-૧૫ની સાંજના ૬ થી ૮ શ્રી હનુમાનજીની સમૂહ સ્તુતિ અને શ્રી હનુમાનજીનું પૂજન-આરતી કર્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૬૦માં પ્રાકટ્યોત્સવ નિમિત્તે (ષષ્ઠી પૂર્તિ મહોત્સવ પ્રસંગે) અને ૩૫માં ગાદી મહાભિષેક નિમિત્તે રવિવાર તા. ૪-૪-૦૪ સવારના ૮ થી ૧૨ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. દરેક પ્રસંગમાં યજમાન પરિવાર અને હરિભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. (હેમરાજભાઈ ચોટલીયા)

શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ મહા માસ થી વૈશાખ માસની યાદી

મહા સુદી-૫ પ.ભ. મહેશભાઈ નરસિંહભાઈ પટેલ. **મહા સુદી-૮** પ.ભ. મોહનલાલ ઓચ્છવલાલ કાછીયા. **મહા સુદી-૧૧** લક્ષ્મણભાઈ કન્સ્ટ્રકશન લી. નૈરોબી. પ.ભ. નલીનભાઈ ડી. પટેલ, આણંદ. પ.ભ. અંબાલાલ મફતલાલ. પ.ભ. કરશનભાઈ બબાભાઈ, લાલોડાવાળા. **મહા સુદી-૧૨** પ.ભ. ધીરજભાઈ નારાયણભાઈ ચૌધરી, બાલવા. પ.ભ. પ્રહલાદભાઈ શીવલાલ પટેલ, ડાંગરવા. **મહા સુદી-૧૫** પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર, અમદાવાદ. **મહા વદી-૨** અ.નિ. વિમળાબેન જયંતીલાલ પટેલ, કોચરબ. અ.નિ. માવજીભાઈ નારાયણભાઈ હિરાણી. **મહા વદી-૪** પ.ભ. અશોકભાઈ પંડ્યા (વકીલ). **મહા વદી-૬ પ.પૂ. મહારાજશ્રી તરફથી રસોઈ. મહા વદી-૭** પ.ભ. દિનેશભાઈ જેશીંગભાઈ રાવ **મહા વદી-૯** અ.નિ. ચીનુભાઈ હેમાભાઈ પટેલ. **મહા વદી-૧૦** પ.ભ. ગોવિંદભાઈ બબલદાસ ગજ્જર. **મહા વદી-૧૨** અ.નિ. વ્રજલાલ લવજીદાસ ભાવસાર. શ્રી સ્વામિનારાયણ મંદિર (હર્ષદ કોલોની). **મહા વદી-૩૦** પ.ભ. બબાજી ડાભી, ડાંગરવા.

ફાગણ સુદી-૨ પ.ભ. ભક્તિભાઈ ભલદાસ પટેલ, વડું. **ફાગણ સુદી-૪** અ.નિ. નવિન કરશન પાદરા. પ.ભ. વસંતભાઈ ત્રિવેદી, શિકાગો. કથાની રસોઈ. **ફાગણ સુદી-૬** પ.ભ. ડાહીબેન ચિમનલાલ. **ફાગણ સુદી-૮** અ.નિ. અલ્પાબેનના મોક્ષાર્થે (હ. શારદાબેન લાલજીભાઈ પટેલ). અ.નિ.સ.ગુ. સ્વા. ગોવિંદપ્રસાદદાસજીના મોક્ષાર્થે. **ફાગણ સુદી-૯** પ.ભ. નારાયણભાઈ અમથીદાસ, વડું. પ.ભ. મગનલાલ મોહનલાલ પટેલ. અ.નિ. મણિભાઈ તુલસીભાઈ પટેલ. **ફાગણ સુદી-૧૦** અ.નિ. કલાબેન દશરથલાલ કવિ. **ફાગણ સુદી-૧૨** પ.ભ. સોની શાંતાબેન અંબાલાલ. પ.ભ. દિપકકુમાર રણછોડભાઈ પટેલ, અમદાવાદ. **ફાગણ સુદી-૧૩** પ.ભ. સુરેન્દ્રભાઈ કાળીદાસ પટેલ, ખેરવા. **ફાગણ સુદી-૧૪** પ.ભ. પુનમભાઈ મગનભાઈ પટેલ નવરંગપુરા. **ફાગણ સુદી-૧૫** પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર, અમદાવાદ. **ફાગણ વદી-૧** ગ.સ્વ. સુરજબેન હરમાનભાઈ પટેલ, નરસંડા. **ફાગણ વદી-૪** પ.ભ. બાબુ ભગત શંકર ભગત -અમદાવાદ સ્વા. મંદિર. પ.ભ. વનરાજ ભગત (સ્વા. બાગ અમદાવાદ). **ફાગણ વદી-૫** પ.ભ. લાલજીભાઈ જીવરાજભાઈ પોતીયા, પીપળવા. **ફાગણ વદી-૮** અ.નિ. કાળીદાસ મૂળચંદદાસ. અ.નિ. કીરીટભાઈ ડાહ્યાભાઈ પટેલ, મોખાસણ. **ફાગણ વદી-૧૨** ચિ. રમીલાબેનના શુભ લગ્ન પ્રસંગે.

ચૈત્ર સુદી-૧ પ.ભ. પોપટભાઈ ઈશ્વરભાઈ પટેલ. પ.ભ. કમલેશભાઈ મોદી (ફટાકડાવાળા), અમદાવાદ. **ચૈત્ર સુદી-૩** પ.ભ. અમરબાઈ ખીમજીભાઈ. **ચૈત્ર સુદી-૭** પ.ભ. રેવાબેન ડાહ્યાભાઈ પટેલ, કરજીસણ. **ચૈત્ર સુદી-૧૦** સાં.યો. ગીતાબા. પ.ભ. નારણભાઈ કાનજીભાઈ ગોડપર, ભૂજ. **ચૈત્ર સુદી-૧૨** અ.નિ. અંબાલાલ લક્ષ્મણભાઈ. **ચૈત્ર સુદી-૧૫** મહિલા મંડળ તુરખા. પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર, અમદાવાદ. **ચૈત્ર વદી-૧** પ.ભ. દિલીપભાઈ પ્રેમજી સહપરિવાર, કચ્છ. **ચૈત્ર વદી-૩** પ.ભ. નારણભાઈ કાનજીભાઈ ગોડપર, ભૂજ. **ચૈત્ર વદી-૫** પ.ભ. કુવરબાઈ વેલજી પીંડોરીયા, સુરજપર. **ચૈત્ર વદી-૮** પ.ભ. પ્રિતિ વેલજી હિરાણી (લગ્ન પ્રસંગ નિમિત્તે). **ચૈત્ર વદી-૧૩** પ.ભ. શાંતાબેન ધનજીભાઈ. **ચૈત્ર વદી-૧૪** પ.ભ. શામબાઈ ધનજી ભીમજી વેકરીયા, નારાણપર-કચ્છ. **ચૈત્ર વદી-૩૦** પ.ભ. અશોકભાઈ ગાંધી, મણીનગર.

વૈશાખ સુદી-૧ પ.ભ. હરજીભાઈ વાલજીભાઈ પટેલ. **વૈશાખ સુદી-૫** અ.નિ.સ.ગુ. સ્વા. નિરન્નમુક્તદાસજી ત્રયોદશા નિમિત્તે, અમદાવાદ સ્વા. મંદિર. પ.ભ. શ્રુતિબેન પંકજભાઈ ત્રિવેદી (સત્યાગ્રહ છાવણી) **વૈશાખ સુદી-૬** પ.ભ. રમણભાઈ પ્રાણભાઈ પટેલ. પ.ભ. કુમુદબેન કાંતિભાઈ દાણી. **વૈશાખ સુદી-૧૨** પ.ભ. માણેકલાલ ત્રિકમલાલ ભાવસાર, સાબરમતી. **વૈશાખ વદી-૧** પ.ભ. મનસુખભાઈ ખોડાભાઈ ડાભી પરિવાર, અમદાવાદ **વૈશાખ વદી-૨** સ્વા. મંદિર કારેલીબાગ વડોદરા **વૈશાખ વદી-૫** પ.ભ. પરેશકુમાર ઘનશ્યામભાઈ ભાવસાર, અમદાવાદ. અ.નિ. ઈન્દ્રવદન મણીલાલ શાહ પરિવાર, અમદાવાદ. **વૈશાખ વદી-૧૦** પ.ભ. નટુભાઈ ડાહ્યાભાઈ પટેલ.

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	પ.ભ. ચૌધરી અમૃતભાઈ લવજીભાઈ ચિ. વિજયના લગ્ન પ્રસંગ નિમિત્તે	માણેકપૂર
૧૦૧-૦૦	પ.ભ. પટેલ હરગોવિંદભાઈ સોમાભાઈ ચિ. અનીલકુમારને શ્રી નરનારાયણદેવ પાસે પગે લગાડ્યા તે નિમિત્તે	ખેરોલ
૧૦૧-૦૦	પ.ભ. મૃદુલાબેન ભૂપેન્દ્રભાઈ પાઠક લગ્ન તિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ગાંગાણી ડાહ્યાલાલ નાનજીભાઈ ચિ. હેતલ તથા ચિ. મનીષાના લગ્ન નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. કૃણાલકુમાર અશોકભાઈ ગજ્જર ચિ. પ્રિયંકાના શુભ લગ્ન નિમિત્તે	કડી
૧૦૧-૦૦	તમન્ના કરશનભાઈ પરમાર (ટીંબા) જન્મ દિવસ પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. જીગ્નેશકુમાર ભક્તિભાઈ પટેલ ચિ. મીના તથા ચિ. જીગ્નેશના શુભ લગ્ન નિમિત્તે	દેઉસણા
૧૦૦-૦૦	પ.ભ. મહેન્દ્રકુમાર ભક્તિભાઈ પટેલ ચિ. બિન્દ્રા તથા ચિ. હિરના જન્મદિન નિમિત્તે	યુ.એસ.એ.
૧૦૧-૦૦	પ.ભ. બીપીનભાઈ મનસુખભાઈ ટાંક (રોહીશાળા) નિમિષના જન્મ પ્રસંગે	કાંદીવલી (મુંબઈ)
૧૦૧-૦૦	પ.ભ. આશાભાઈ મથુરભાઈ પટેલના સ્મરણાર્થે શ્રીજી પ્રસન્નાર્થે	પીરાણા
૧૦૧-૦૦	પ.ભ. પ્રફુલ્લભાઈ નારણભાઈ ચૌહાણ (ધોળકાવાળા) ચિ. શ્રુતિના જન્મ પ્રસંગે	રાજકોટ
૧૦૧-૦૦	પ.ભ. મોદી પ્રવિણભાઈ ડાહ્યાભાઈ આશાબેનને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦	પ્રાર્થના ચંદ્રપ્રકાશ પટેલ સ્કુટી ખરીદ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. સોની કાંતિલાલ હરિલાલ શ્રીજી પ્રસન્નાર્થે	રાજકોટ
૧૦૧-૦૦	પ.ભ. ઠક્કર જયંતીભાઈ ચંદુભાઈ ભગવાનની મૂર્તિ સિંહાસનમાં પધરાવી તે નિમિત્તે	કલોલી
૧૦૧-૦૦	પ.ભ. કાછીયા હરેશકુમાર નટવરલાલ પુત્ર જન્મ નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ડાહ્યાભાઈ અમીચંદભાઈ મુકેશ તથા હરેશના ત્યાં પુત્ર જન્મ નિમિત્તે	લાલોડા
૧૦૧-૦૦	પ.ભ. શાંતાબેન અમીન શ્રીજી પ્રસન્નાર્થે	અસલાલી
૧૫૧-૦૦	પરમાર કુલદિપભાઈ લાભુભાઈ (બળોલવાળા) તબીયત સારી થઈ તે નિમિત્તે	નવસારી
૨૦૧-૦૦	પ.ભ. પટેલ પીયુષકુમાર મુકેશભાઈ શ્રી નરનારાયણદેવના ૧૮૨માં પાટોત્સવ નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	પ.ભ. મનુભાઈ ગણપતરામ ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૧-૦૦	પ.ભ. મુકેશ એમ. પંચાલ લગ્ન પ્રસંગે	
૧૦૧-૦૦	પુષ્પાબેન કુબેરદાસ દેસાઈની વર્ષગાંઠ નિમિત્તે	ધોળકા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ સતીષભાઈ ગોવિંદભાઈ નવી ઈન્ડીકાકાર લીધી તે નિમિત્તે	ઊંઝા
૧૦૧-૦૦	પટેલ અમનકુમાર ભદ્રેશભાઈ મણીલાલ બાબરી નિમિત્તે	(કનીપુરવાળા) નરોડા.
૩૫૧-૦૦	પ.ભ. કાંતીલાલ ગોવિંદલાલ પરમાર નવો ફ્લેટ ખરીર્યો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. જીગ્નેશકુમાર દિનેશભાઈ રાબડીયા બાબાને એસ.એસ.સી.માં ૮૦ ટકા આવ્યા તે નિમિત્તે	વંડા
૨૫૦-૦૦	પ.ભ. ભાઈલાલભાઈ ઈશ્વરભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	થલતેજ
૧૦૫-૦૦	મિત તેજેન્દ્રકુમાર બાબુલાલ જન્મદિવસ નિમિત્તે	ડીંગુચા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ વાસુદેવભાઈ વિઠ્ઠલદાસ નવી ગાડી તથા સ્કુટર લીધુ તે નિમિત્તે	આણંદ
૧૦૧-૦૦	પટેલ જયેશકુમાર ધીરૂભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	લસુન્દ્રા
૧૦૧-૦૦	કિંજલબેન જયેશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	લસુન્દ્રા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ધીરૂભાઈ કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	લસુન્દ્રા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ કપીલાબેન ધીરૂભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	લસુન્દ્રા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ કિરણબેન ધીરૂભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	લસુન્દ્રા
૧૦૧-૦૦	પ.ભ. મનોજભાઈ, મહેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૨૫૧-૦૦	પ.ભ. વાસુદેવભાઈ શંભુદાસ કડવા પાટીદાર શ્રીજી પ્રસન્નાર્થે	કરણનગર
૨૫૧-૦૦	પ.ભ. વિષ્ણુભાઈ શંભુદાસ કડવા પાટીદાર શ્રીજી પ્રસન્નાર્થે	કરણનગર
૧૦૧-૦૦	પ.ભ. પટેલ વિજયકુમાર માણેકલાલ શ્રીજી પ્રસન્નાર્થે	કરણનગર
૧૦૧-૦૦	પ.ભ. કાછીયા પટેલ ચિમનલાલ મણીલાલ, શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦	પટેલ મીતાબેન રાજેન્દ્રકુમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધનસુરા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ પૂનમભાઈ હીરાભાઈ નવુ ટ્રેક્ટર ખરીદ્યું તે નિમિત્તે	ધનસુરા
૩૦૦૦-૦૦	પ.ભ. પટેલ મનીશકુમાર વાસુદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	ઘાટલોડીયા-અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ભોગીલાલ ભાવસાર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે	ઘાટકોપર
૧૫૦-૦૦	પ.ભ. પટેલ ઘનશ્યામભાઈ ભૂલાભાઈ ચિ. પરાગ લંડન ગયો તથા નવી ગાડી ખરીદી તે નિમિત્તે,	કનીપુર
૨૦૦-૦૦	પ.ભ. પટેલ દેવજીભાઈ માવાભાઈ મણીયોરવાળા ચિ.મિલન અને દિપક પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે	વાપી.
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ભક્તિભાઈ હરગોવિંદભાઈની પુણ્યતિથિ અને ચિ.કલ્પેશના જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	દર્શ અલ્પેશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ગોતા
૧૦૧-૦૦	પ.ભ. ડૉ.અતુલભાઈ કે. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કલોલ
૧૦૧-૦૦	તેજેન્દ્ર મોટર્સ કમલેશભાઈ અને મુકેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	આમેલ ઉઢાઉવા

૧૦૧-૦૦	પ.ભ. પટેલ રાજેશભાઈ હીરાભાઈ મારૂતી ગાડી લાવ્યા તે નિમિત્તે	ડેમાઈ
૧૦૦-૦૦	પ.ભ. ડૉ. મનસુખભાઈ હિરજીભાઈ સાપરીયા શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે	રાજકોટ
૧૦૧-૦૦	પ.ભ. ચિમનલાલ મણીલાલ કાછીયા પુલહાશ્રમ યાત્રા નિમિત્તે	મલાડ
૧૦૧-૦૦	પ.ભ. જોબાળીયા વિનોદીનીબેન હસમુખલાલ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ.
૧૦૧-૦૦	પ.ભ. પટેલ કમલેશભાઈ સતીષભાઈ નવુ બાઈક લાવ્યા તે નિમિત્તે	હાંસોલ-અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. સોની ગુણવંતલાલ પુરૂષોત્તમદાસ ચિ. મલ્કેશના ઘેર ૧૬-૩-૦૪ના રોજ પુત્ર જન્મ થયેલ તે નિમિત્તે	અમદાવાદ
૩૫૧-૦૦	ટર્ફ સ્કુલ પરિવાર પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીનો ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ ધામધુમથી ઉજવાયો તે નિમિત્તે નારણપુરા-અમદાવાદ	
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર દશરથલાલ ડાહ્યાલાલ તા. ૩૧-૩-૨૦૦૪ના રોજ નોકરીમાંથી નિવૃત થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	પ.ભ. શાહ પ્રવિણચંદ્ર કેશવલાલ પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવ પ્રસંગ નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	પ.ભ. કાશ્મીરાબેન વખારીયા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવ પ્રસંગે	યુ.એસ.એ.
૧૫૧-૦૦	પ.ભ. દિપકભાઈ વખારીયા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવ નિમિત્તે	યુ.એસ.એ.
૧૦૧-૦૦	પ.ભ. મહેતા રાજેન્દ્રકુમાર લક્ષ્મીશંકર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના તા. ૮-૪-૨૦૦૪ના જન્મોત્સવ પ્રસંગે	
૧૦૨-૦૦	પ.ભ. મહેતા રાજેન્દ્રકુમાર લક્ષ્મીશંકર તેમના માતુશ્રી તથા પિતાશ્રીની પૂણ્ય તિથિ નિમિત્તે	વિરમગામ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ગોવિંદભાઈ માધવલાલ ચિ. તરૂણાના લગ્ન પ્રસંગે	યુ.એસ.એ.
૧૦૧-૦૦	પ.ભ. પટેલ શૈલેષભાઈ જયંતીલાલ સીડી પ્લેયર લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. રાજુભાઈ વીરજીભાઈ (જીરાગઢવાળા) પુત્ર જન્મ પ્રસંગે	સુરત
૧૦૧-૦૦	પ.ભ. શાંતિલાલ લાલજીભાઈ પ્લોટ ખરીધો તે નિમિત્તે	સુરત
૨૦૧-૦૦	પ.ભ. પરમાર પાંચાભાઈ ધનજીભાઈ બે ટ્રેક્ટર નવા લાવ્યા તે નિમિત્તે	બોડકા
૧૦૧-૦૦	પ.ભ. પરમાર લાભુભાઈ ત્રિકમભાઈ (બળોલવાળા) નવી દુકાન તથા મકાન લીધું તે નિમિત્તે	બાવળા
૧૦૧-૦૦	પ.ભ. ચાવડા લક્ષ્મણભાઈ અને લાભુબેન અને યુવરાજ ષષ્ઠી પૂર્તિમાં સેવા કરી તે નિમિત્તે	રામપરા
૧૦૧-૦૦	પ.ભ. ચૌહાણ બટુકભાઈ રામજીભાઈ નવી જમીન લીધી તે નિમિત્તે	ધુળકોટ

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ : શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સ.ગુ. સ્વામી ગોવિંદ પ્રસાદદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી. નારાયણ પ્રસાદદાસજી મહાવદ ૧૧ ને તા.૧૬-૨-૨૦૦૪ના રોજ શ્રી હરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

પીરાણા : (તા.દશકોઈ) પ.ભ.આશાભાઈ મથુરભાઈ પટેલ (પ.ભ.પ્રવિણભાઈ અને પ.ભ.જસવંતભાઈના પિતાશ્રી) તા.૫-૨-૨૦૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ.સોની ભીખાલાલ દામોદરદાસ તા.૨૧-૨-૦૪ ના રોજ શ્રી હરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. જેઓએ શિખર બધ્ધ મંદિરમાં ગલ્લા પેટી સમિતિ માં વર્ષો સુધી સેવા કરી હતી.

હાથપાળિયા (ઝાડીદેશ-પંચમહાલ) : પ.ભ.લખુભાઈ કાળુભાઈ પટેલ તા. ૭-૨-૨૦૦૪ ના રોજ શ્રી હરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મનેન્દ્રગઢ : પ.ભ.મગનલાલ દેવજીભાઈ તા.૧૨-૨-૦૪ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

લાઠીદડ : અમદાવાદ મંદિર શ્રી હનુમાનજી ગણપતીજીના પૂજારી પાર્ષદ બાબુભગતના પિતાશ્રી પ.ભ.મથુરભાઈ અમરશીભાઈ (૭ વર્ષ ૯૫) તા.૨૭-૨-૦૪ના શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મહેસાણા : શ્રી મિનેષભાઈ કે.મોદી (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સભ્ય) ના દાદીમા પ.ભ. અમથીબા (૯૪ વર્ષ) તા.૧૭-૨-૦૪ ના રોજ શ્રી હરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

કનીપુર : પ.ભ. હર્ષદભાઈ પટેલ (અમદાવાદ મંદિર સ્ટોર કિપર)ના પિતાશ્રી પ.ભ. ભલાભાઈ ઈશ્વરભાઈ પટેલ તા. ૧-૩-૨૦૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. મહેન્દ્રભાઈ ચિમનલાલ ભાવસાર તા. ૨૮-૨-૨૦૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ (ઉનાવાવાળા) : પ.ભ. અંબાલાલભાઈ પંચાલના સુપુત્ર શ્રી વાસુદેવભાઈ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મોરબી : પ.ભ. મણીલાલ પ્રેમજીભાઈ તા. ૧૩-૩-૨૦૦૪ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ (બાપુનગર) : પ.ભ. ડૉ. કનુભાઈ એસ. પટેલ (એપ્રોચ મંદિરના ટ્રસ્ટી)ના માતુશ્રી (ઉ. ૮૫ વર્ષ) તા. ૮-૩-૨૦૦૪ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ (બાપુનગર) : પ.ભ. ધીરૂભાઈ મગનભાઈ ઠુમ્મર (અંકના પ્રતિનિધિ શ્રી ઝવેરભાઈના મોટાભાઈ) (ઉ. ૫૪ વર્ષ) તા. ૨-૩-૨૦૦૪ના એકાદશીના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ધ્રાંગધ્રા : પ.ભ. હરજીવનભાઈ ગાંધી તા. ૩-૩-૨૦૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. કાનજીભાઈ ડાહ્યાભાઈ સોની (મૂળ મોરવાડ જી. સુરેન્દ્રનગર) અમદાવાદ અને મૂળી મંદિરના દેવોની ખૂબજ સેવા કરતા એવા શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા વૈશાખ વદ-૧ના રોજ અક્ષરનિવાસી થયા છે.

બાવળા : પ.ભ. ઠક્કર અમૃતલાલ હેમચંદભાઈ (માસ્તર) તા. ૨૦-૪-૨૦૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મહેસાણા : શ્રી અમથીબેન મણીલાલ મોદી (દવાવાળા) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

દહેગામ : શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારી શ્રી અરવિંદભાઈ અમીનના મોટાભાઈ પ.ભ. કનુભાઈ એચ. અમીન તા. ૨૫-૫-૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.





ધોળકા મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.મહારાજશ્રી અને સભામાં યજમાન પરિવારના પ.ભ.પ્રેમચંદભાઈ પાટડીયા અને તેમના ભાઈઓ આરતી ઉતારી રહ્યા છે.સાથે દેવ સ્વામી અને કોઠારી સત્યપ્રકાશદાસ.





શ્રી તેજેન્દ્રપ્રસાદજી એજ્યુકેશનલ ફાઉન્ડેશન મુક્તપુર (ઉઝા)ના તૃતીય વાર્ષિકોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતા શ્રીહરિના દ્રઢા વંશજ સભામાં મહંત શા.સ્વા.આત્મપ્રકાશદાસજી અને સંત મંડળ અને વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની એક ઝલક.



કઠલાલના પ્રસાદીના કુવાનું પાણી ગ્રામજનોને પીવા માટે હેંડપંપનું ઉદ્‌ઘાટન કરતા પૂ.પી.પી.સ્વામી



ખાણ (રાજ.) મંદિરના પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં ઉદ્‌બોધન કરતા પ.પી.પી.સ્વામી





જેતલપુર શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના રજતજયંતી પ્રસંગે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી દર્શન આપતા અને પ.પૂ.લાલજી મહારાજશ્રી પૂ. પી.પી.સ્વામીનું સન્માન કરી આશીર્વાદ આપતા.



કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર (શિખરબધ્ધ) ની ખાતમૂહુર્ત વિધિ કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી સાથે અમદાવાદ અને કાંકરિયા મંદિરના મહંતશ્રીઓ.



પ.પૂ.લાલજી મહારાજશ્રી કાંકરિયાના શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરની ખાતમૂહુર્ત પૂજનવિધિ કરી રહ્યા છે.સાથે યજમાન પરિવાર લાભ લઈ રહ્યા છે.

Praful Kharsan